Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા



C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. બાદ વર્ષ : ૧૫ • અંક : ૧૭ • તા. ૨૧ થી ૨૭ એપ્રિલ ૨૦૧૨ • વાર્ષિક લવાજમ ₹ ૫૦

તંત્રી : રાયચંદ નાગડા • સહતંત્રી : ચંપક જીવાણી | Regn.No.MH/MR/East/53/2012-14

## જ્ઞાતિ ગૌરવના સ્પંદન







કુ. મયુરી રમેશ શિયાડ (દલતુંગી-સાંગલી)એ મૈસુર યુનિ.માંથી M.Sc. (Biotech) માં અવ્વલ ક્રમાંકે ઉત્તીર્ણ થઈ છ ગોલ્ડમેડલ મેળવ્યા છે. આ વિશિષ્ટ બહુમાન કર્ણાટકના મુખ્ય પ્રધાનના હસ્તે કરવામાં આવ્યું. હાર્દિક અભિનંદન.

શ્રી પ્રબોધ હિરાચંદ મુનવર (કોઠારા-ભુજ)ને સાહસ, શૌર્ય, સેવા, જાહેર સુખાકારી અને તબીબી ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી બદલ ગુજરાત રાજ્ય સરકાર દ્વારા પ્રતિષ્ઠીત એવાર્ડ અને રૂ.૫૦,૦૦૦ નો પુરસ્કાર, પ્રશસ્તિપત્ર અને સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવેલ. હાર્દિક અભિનંદન.

## સાંયરાના મોમાઈ માતાની તા.૮-૪-૧૨ની દ્વિતીય સમુહ પહેડીની ઝલક

























# હાર્દિક અભિનંદન !



## કુ. તૃપ્તિ હિરેન્દ્ર મોતા

ચિ. તૃપ્તિએ B.B.A. (IT) માં Graduation with Distinction કરી મુંબઈ યુનિ.ની NMIMI માંથી FMBA ઉત્તીર્ણ કરી અમારા પરિવારનું ગૌરવ વધાર્યું છે. આ શૈક્ષણિક સિધ્ધી બદલ હાર્દિક અભિનંદન અને ઉત્તરોતર પ્રગતિની શુભેચ્છાઓ...

*** શુભાશિષ ***

દાદાણાં : શ્રી કાંતિલાલ દામજી મોતા પરિવાર (રાયધણજર-વડોદરા/મુંબઈ)

નાનાણાં : શ્રી નીતિન ટોકરશી મોમાયા પરિવાર (નલિયા-મુલુંડ)

માતા-પિતા : સૌ. મનીષા હિરેન્દ્ર મોતા

એવમ્ સમસ્ત મોતા પરિવાર

Revolutionising Bitumen

ટીકીટાર ઇન્ડસ્ટ્રીઝ ઇંડિયા લિ. મુંબઈ • E-mail : hardik@tikitar.com

# શ્રી પ્રબોધ મુનવરને અભિનંદન !



છેલ્લા છ વર્ષથી દરરોજ સવાર-સાંજ બે ટાઇમ રખડતા-ભટકતા માનસિક વિકલાંગોને તેમના આશ્રયસ્થાને જઈ ભોજન વિતરણ, છેલ્લા ૩ વર્ષથી એકલા-અટુલા-નિરાધાર વૃધ્ધોને ઘેર બેઠા ટીફીન દ્વારા ભોજન, છેલ્લા ૪ વર્ષથી રખડતા-ભટકતા અને મજુરી મુક્ત થયેલા બાળ શ્રમયોગીઓને અક્ષરદાન, ગરીબ દર્દીઓને ફ્રી દવા, ૮૫ જેટલી બિનવારસ લાશોની અંતિમક્રિયા, વૃક્ષારોપણ, પક્ષીઓ માટે પાણી પીવા ઠેર-ઠેર માટીનાં કુંડા, ચકલીઓ માટે ચકલીઘર, ભોજન સમારોહની વધી પડેલી રસોઈ ગરીબોનાં ઝુંપડા સુધી પહોંચાડવાનું કાર્ય, ઉનાળામાં ઠંડી છાસ વિતરણ, પ્લાસ્ટીક ઝબલાનાં બદલે કાપડની થેલીઓનું વિતરણ, ઘર ભૂલેલી વ્યક્તિઓને ઘર સુધી પહોંચાડવાનું કાર્ય, શ્વાનોને રોટલા, પક્ષીઓને ચણ, ગાયોને ઘાસચારો, કીડીઓને કીડીયારું, માછલીઓને લોટ, જેવી વિવિધ સેવાકીય માનવતાવાદી પ્રવૃતિઓની ગુજરાત સરકારે નોંધ લઈ શ્રી પ્રબોધ મુનવરને સેવાકીય પ્રવૃત્તિઓની શ્રેષ્ઠ કામગીરી બદલ એવોર્ડથી સન્માનિત કરેલ છે. જે બદલ એમને ખૂબ-ખૂબ અભિનંદન.

**શુભાશિષ-શુભેચ્છા**

માતુશ્રી કસ્તુરીબાઈ હીરાચંદ મુનવર (કોઠારા)
સૌ. જયા પ્રબોધ મુનવર (ભુજ)
સૌ. હર્ષા દિપેશ મુનવર (ભુજ)

સૌ. પ્રેમીલા હરીશ મુનવર (અમદાવાદ)
સૌ. રેવંતી ચંદ્રકાંત મુનવર (કોઠારા)
સૌ. દિશા જીગેશ મુનવર (ભુજ)

હિનલ-કર્મ-કનિષ્ઠ

ઉમેશ મુનવર, અમદાવાદ • અજેશ મુનવર-અમદાવાદ

**આદ્યતંત્રીઓ**

**"પ્રકાશ"**
ડો. વેલજી પાશ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ



**: સમિતિ સભ્યો :**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતીલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**ચાલુ અંક માટે મેટર સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

નોંધ: આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

**જાહેરાત દર**

| સાઈઝ | B/W | રંગીન |
|---|---|---|
| આખું પાનું | ૩૦૦૦ | ૬૦૦૦ |
| અડધું પાનું | ૧૫૦૦ | ૩૦૦૦ |
| પા પાનું | ૭૫૦ | ૧૫૦૦ |
| ૧/૮ પાનું | ૪૦૦ | - |
| ૧/૧૬ પાનું | ૨૫૦ | - |

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
www.prakashsamiksha.com
E-mail:kdo_prakash@yahoo.co.in



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
**29/41, Tamarind Lane,**
**Behind Poornima Restaurant,**
**Rajabahadur Comp,**
**Nr.Stock Exchange Bldg,**
**Fort, Mumbai - 400 001.**
**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ


## "અનંતછાયા" : જ્ઞાતિ માટે "વેક-અપ" કોલ -લહેરી લોડાયા, મુલુંડ-98202 99330

પ્રકાશ-સમીક્ષાના અંક નં.૯, ૧૨ અને ૧૫ના તંત્રીલેખોએ મારી જેમ અનેક જ્ઞાતિજનોની આંખો ઉઘાડી છે. ત્રણે તંત્રીલેખોમાં "અનંતછાયા" અંગેની સંપૂર્ણ માહિતી અને તેના પુનર્વિકાસ કરવા માટેના ઉપલબ્ધ અન્ય વિકલ્પો દર્શાવાયા છે.

મહાભારતમાં બન્યું હતું તેમ હાલ આપણી જ્ઞાતિમાં, સુજ્ઞ, સમજદાર અને પરિપક્વ શાણપણ ધરાવતા વરિષ્ઠ જ્ઞાતિજનો મુંગા પ્રેક્ષકોની જેમ બેસી રહ્યા છે જે ચુપકીદી અક્ષમ્ય છે. કારણ કે જ્ઞાતિમાં એક એવી ઘટના બની રહી છે જેમાં જ્ઞાતિનું હિત બિલ્કુલ સચવાતું નથી, તો પણ ભૂતપૂર્વ ટ્રસ્ટીઓ અને વરિષ્ઠો મૌનવ્રત ધારણ કરી બેઠા છે.

મૌન એક ઉત્તમ ગુણ છે પણ દરેક વખતે નહીં. ક્યારેક અન્યોનું ધ્યાન આકર્ષવા છાપરે ચડીને પોકાર કરવો પડે છે.

પ્રશ્નો બહુ સરળ છે અને તેના ઉત્તરો પણ સરળ છે. શું અનંતછાયાનો પુનર્વિકાસ તેનું વેચાણ કર્યા વગર શક્ય છે? જવાબ છે : "હા" જો પ્રમાણિક પ્રયત્નો કરવામાં આવે તો એવા બીલ્ડર-ડેવલપર જરૂરથી મળી શકે જેઓ આપણી જરૂરિયાતો મુજબ પુનર્વિકાસનું કાર્ય કરવા તૈયાર થાય.

બીજું, મારી સમજણ મુજબ, ટ્રસ્ટીઓ, એકદમ આર્થિક કટોકટી કે અન્ય કોઈ વિકલ્પ ન હોય તેવા સંજોગોમાં જ કોઈ મિલકતનું વેચાણ કરી શકે. પરંતુ હાલની કે ભવિષ્યની આર્થિક જરૂરિયાત માટે "અનંતછાયા"નું વેચાણ કરવું પડે તેવી પરિસ્થિતિ અનંતનાથજી ટ્રસ્ટ માટે અત્યારે બિલ્કુલ આવી પડી નથી.

આર્થિક ફુગાવાની હાલ જે ઝડપ છે તે મુજબ, અત્યારે જે મિલકત ૩૦ કે ૪૦ કરોડની કિંમત આપી શક્તી હોય તે ૧૦ કે ૫૦ વર્ષમાં ૩૦૦ કે ૪૦૦ કરોડ આપી શકશે. મિલકતના મુલ્યની વૃધ્ધિ ટ્રસ્ટને મળવી જોઈએ અને નહીં કે ત્રીજા પક્ષને, જે આ સોનાની લગડી જેવી મિલકત મામુલી કિંમતે ખરીદી રહી છે ૯૯ કે ૯૯૯ વર્ષના લીઝ પર જમીનનો અમુક હિસ્સો મેળવીને "અનંતછાયા"નો પુનર્વિકાસ કરવા માટે તૈયાર થાય તેવા બીલ્ડર મેળવવા મુશ્કેલ નથી.

આપની જ્ઞાતિમાં અનેક નિપુણ સોલીસીટર, એડવોકેટ, ચાર્ટડ એકાઉન્ટન્ટ, બીલ્ડર વગેરે ઉપલબ્ધ છે. ટ્રસ્ટીઓએ, અનંતછાયાના વેચાણ કરવા અંગેનો (અયોગ્ય) નિર્ણય લેતાં પહેલાં, આવા વ્યવસાયિકોની સલાહ લેવાનું શા માટે મુનાસિબ ગણ્યું નહીં? ખાસ કરીને, જ્યારે આખી જ્ઞાતિના હિતનો મુદ્દો કેન્દ્રમાં હોય ત્યારે?

મનુષ્ય માત્ર, ભૂલને પાત્ર. પરંતુ જ્યારે ભૂલનો અહેસાસ થાય ત્યારે તેને સુધારવાના યોગ્ય પગલા લેવા જોઈએ જેથી ઓછામાં ઓછું નુકસાન થાય. ઉપરોક્ત ત્રણે તંત્રીલેખોમાં વૈકલ્પિક માર્ગો સૂચવાયા છે જેથી ટ્રસ્ટને બિનજરૂરી નુકસાની ભોગવવી નહીં પડે. શા માટે ઉતાવળમાં એવા નિર્ણય લેવા જેથી નિરાંતે બેસીને તેનો પશ્ચાતાપ કરવો પડે?

બીજું, "અનંતછાયા" "દેવદ્રવ્ય"ની આર્થિક મદદથી બંધાયું છે. એટલે અનંતછાયાનાં ખરા માલિક "દેવ" છે. શું આપણે "દેવ"ની મિલકત વેચી શકીએ? જૈન શાસ્ત્ર મુજબ "કર્યું, કરાવ્યું અને અનુમોદયું" એ ત્રણે એક સમાન જ પાપ છે. એટલે આપણે મૂક પ્રેક્ષક બનીને બેસી ન રહીએ અને ટ્રસ્ટીઓને આવા અનર્થકારી માર્ગેથી પાછા વાળીએ.

આપણે ટ્રસ્ટીઓની પ્રમાણિકતા કે નિષ્ઠા વિષે શંકા સેવતા નથી.

ટ્રસ્ટીઓએ, ૧૦૦ કરોડનું કોર્પસ ફંડ કરવા જે ઉમદા વિચાર-નિર્ધાર કર્યો છે જેથી તેના પર દસેક કરોડ જેટલા વ્યાજની આવક થઈ શકે જેથી અનેક કલ્યાણકારી યોજનાઓ જ્ઞાતિ માટે શરૂ કરી શકાય, તે પ્રશંસનીય છે. પણ આવું કોર્પસ ફંડ ઉભું કરવા માટે મુલ્યવાન મિલકતનું વેચાણ કરવાનો વિચાર બિલ્કુલ યોગ્ય નથી.

જ્ઞાતિની આ અપેક્ષાઓ કાંઈ વધારે પડતી નથી. ટ્રસ્ટીઓને પ્રશ્ન કરવાનો જ્ઞાતિને પુરેપુરો હક છે અને ટ્રસ્ટીઓએ એ અચૂક ફરજ નિભાવવાની છે કે જ્ઞાતિને તે પ્રશ્નોનો તેમણે સંતોષકારક ઉત્તર આપવો. સર્વ જ્ઞાતિજનોને જગાડવાનો આ **"વેક-અપ"** કોલ છે.

## જાહેર જીવન સંબંધે માપદંડ : કોણ ચાહે છે રામાયણ અને કોણ ચાહે છે મહાભારત ? – ચંદ્રેસન મોમાયા

શ્રી અનંનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ અનંતછાયાના વેંચાણ બાબત ચેરીટી કમિશનરની પરવાનગી મેળવવા પહેલા ખરીદનારના સહયોગથી અનંતછાયાના ભાડૂતોને ભાવતા ભોજન માટે આમંત્રી ભવિષ્યના જાળવણી ભંડોળના અંશના ચેકો આપી અનંતછાયા રીડેવલપમેન્ટનું કામ બહુઆગળના તબક્કે પહોંચી ગયું છે એવો દેખાવ ઊભો કર્યો તે સાથે આ ગજાગ્રહ ગુણાત્મક રીતે નવા તબક્કામાં પ્રવેશ્યો છે.

કદાચ આ સાથે પ્રકાશ સમીક્ષાના તંત્રીએ સેવેલી "અનંતછાયા"ની છાયા સૌને ફળેની ભાવના માત્ર ભાવના જ રહી ગઈ છે. પણ હવે શું? એ મોટો યક્ષ પ્રશ્ન છે.

જે કોઈ પક્ષકારો છે તે જાણ્યે અજાણ્યે પોતે લેવા ધારેલી ભૂમિકાના લોજીક (ગતિશાસ્ત્ર)માં પૂરાઈ જવાના.. કોણ શું કરશે અને કેવી રીતે કરશે તે વિશે ચર્ચા કરવી હવે અનુચિત બની જશે.

અલબત., જ્ઞાતિ અને ખાસ કરીને મુંબઈમા વસતી જ્ઞાતિ માટે શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ બાકીની મિલકતોનું રીડેવલપમેંટ આ જ રીતે કરવું? કે અત્યારે કોઈ કચાશ રહી ગઈ છે અને કોઈ પણ કારણસર દૂર ન કરી શકાઈ હોય તો તે કેવી રીતે દૂર કરવી તે અંગે સ્વતંત્ર રીતે વિચારવું પડશે.

વધુમાં અત્યારે ઉપસ્થિત થયેલ દેવદ્રવ્યના મુદ્દા અંગે પણ વિચારવું પડશે. અહીં ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ અને અનંતછાયાના ભાડૂતોએ આચરણ દ્વારા આ મુદ્દો અપ્રસ્તુત છે એવી જે ભૂમિકા લીધેલી છે તેની પણ સમીક્ષા કરવી પડશે કેમ કે જો એમ કરવામાં નહીં આવે તો અત્યારે જે થયું તે ધારો બની જશે અને પછી ઘણા જ્ઞાતિ દેવદ્રવ્ય અંગે અનુચિત વર્તન રાખે છે એથી આપણી જ્ઞાતિની પ્રગતિ નથી થતી એવો વસવસો રહેશે.

વધુમાં ટ્રસ્ટીઓએ જ્યારે અમુક પ્રકારના આચરણ દ્વારા દેવદ્રવ્યમાંથી સાવ ઓછા દરે વ્યાજે લોન લઈ બનાવવામાં આવેલ. મિલકત અંગે જે વલણ અપનાવ્યું છે તે જોતા આગળની ચર્ચા કરવાની નૈતીક અને વ્યવહારીક ફરજ મહાજનની વ્યવસ્થાપક સમિતિની બની જશે.

આ સંબંધમાં વ્યવહારિક પધ્ધતિ કઈ અપનાવી શકાય તે અંગે એટલું જ સૂચવવું ઠીક રહેશે કે છેલ્લા કેટલાક વખતમાં વિચારણા કે આચરણ દ્વારા આ સંબંધમાં કંઈક યોગદાન આપનારા રાયચંદ હંસરાજ ઘરમશી અને પ્રવિણ દેવજી ખોના પાસેથી અભિપ્રાયો મંગાવી જ્ઞાતિ પત્રોમાં છપાવી તેમજ સૂચન-વાંધા મંગાવી ઉપરોક્ત વ્યક્તિઓના સહભાગ સાથે મહાજનની વ્યવસ્થાપક સમિતિ વલણ તૈયાર કરે અને પછી જનરલ સભા બોલાવી જ્ઞાતિની સહમતી મેળવે એ રીત વધુ નક્કર અને આદર્શ રહેશે.

આ ઉપરાંત અત્યારે થયેલા વિવાદના સંદર્ભમાં કેટલીક વ્યવહારુ વાતો સમજી ટ્રસ્ટ/મહાજન અથવા સમુદાયની મિલ્કતો સંબંધે રીડેવલમેન્ટ કે વેંચાણ જેવા મોટા નિર્ણયો લેતી અને તેનો અમલ કરતી વખતે નીચેની કાયદાકીય તથા અન્ય બાબતોનું ધ્યાન રહે તે અંગે સ્પષ્ટતા કેળવી લઈએ.

સમુદાયની બાબતે કાયદાએ સ્વીકારેલ સૈધ્ધાંતિક માલિક સમુદાય હોય છે. પણ વ્યવહારીક દષ્ટિએ માલિક, ટ્રસ્ટડીડની જોગવાઈઓ કે ચુંટણી દ્વારા ટ્રસ્ટી બની વહીવટ ચલાવનારા ટ્રસ્ટીઓ હોય છે.

એથી મોટા નિર્ણય લેતી વખતે કાયદાએ માન્ય કરેલ મૂળ માલિકનો અભિપ્રાય જાણી રૂપરેખા નક્કી કરી લેવાય અને પછી વ્યવહારિકરીતે સમુદાય વતી સહિયારા વ્યવહારક માલિક એવા ટ્રસ્ટીઓ પોતાની રીતે અમલ કરે તે ઇચ્છનીય જ નહીં વ્યવહારુ દષ્ટિએ ઘણાં વિવાદને ટાળવા મોટેની પુર્વશરત છે.

અત્રે યાદ અપાવની કે અનંતનાથ ટ્રસ્ટબોર્ડ પોતે ૧૯૮૩માં દેરાસરજીના જિર્ણોધ્ધાર માટે જ્ઞાતિની સહમતિ મેળવી વલણ જાણી લીધું હતું અને તે પછી પોતાની રીતે તેનો અમલ કર્યો હતો.

આ તબક્કે જ્ઞાતિ હિતમાં એટલી અપેક્ષા રાખીયે કે પોતપોતાની માન્યતા અને ભૂમિકામાં કેદ થયેલા પક્ષકારો પણ દરેક આગલું પગલું ભરતા વિચારે કે તેની સમુદાયના ભવિષ્ય પર શું અસર પડવાની છે?

જ્ઞાતિજનો પણ આ સંબંધી ચર્ચાને ગપસપના સ્તર સુધી ન ઉતરવા દેતા વિચારે કે કોણ ચાહે છે રામાયણ ને કોણ ચાહે છે મહાભારત?

આ બાબત થોડી સ્પષ્ટતાઃ ભારતીય સંસ્કૃતિના ઉપરોક્ત બે ગ્રંથોની રચના સામ સામા છેડાના અભિગમથી/ઉદ્દેશ્ય થયેલી છે.

રામાયણમાં નાયકો જ નહીં ખલનાયકો પાસે પણ કર્તવ્ય પાલન કરાવી, નીતિ-અનીતિનો વિચાર કરાવી સમુદાયને તેના ભાવિને આદર્શ બનાવવાની ભાવના પ્રગટ કરવામાં આવી છે.

જ્યારે મહાભારતમાં જગત જેવું છે તેવું દર્શાવી/સ્વીકારી સારાસારના વિવેકમાં જરા જેટલી ભૂલ થઈ તો યુધ્ધમાં હાર મેળવનારા તો ભલે વીરગતિ પામે જીતનારને ભાગે પણ હેમાળો ગાળવા જેટલું જ સુખ આવશે એવી ચેતવણી આપવામાં આવી છે.

આ બધી વાતોને ધ્યાનમાં રાખીને જ્ઞાતિની ચર્ચાઓ ગપસપના સ્તરે ઉતરી ન આવે તેનું ધ્યાન રાખવું પડશે નહીં તો આવી દરેક વાત મતભેદને મનભેદ બનાવશે. અને સમુદાય વિખરવાની પ્રક્રિયાને તેજ બનાવી નામશેષ બનાવી મૂકશે.



તમને ડાયાબીટીસની બિમારી છે ?
બ્લડ પ્રેશરથી પીડાવ છો ?
ડીપ્રેશનમાં રહો છો ?
હૃદયરોગ અથવા
કોઈ જડ બિમારીથી ત્રસ્ત છો ?

# તો ચાલો...

## સંગીતને સાંભળતા અને માણતા સાજા થાઓ...

KDO
## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

સંચાલિત

HEALTH WEALTH
## શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ

આયોજીત

# THE SOUND OF MUSIC
## ગીત ગાતા ચલ

- **Sunday, 20th May 2012**
  From 6 to 10 pm
- **Sri Shanmukhananda Chadrasekarendra Saraswati Auditorium**
  Sion (East), Mumbai - 400 022.



**સંગીત સંચાલન : શ્રી જયંતીભાઈ ગોસર**
(બોલીવુડ ફેમ, દરેક દિગ્ગજ સંગીતકાર જોડે કામ કરી ચૂકેલા અને
તુઝે દેખા તો યે જાના સનમ, કજરા રે...
જેવી અનેક ખ્યાતનામ ધુનો વગાડનાર આપણા પોતાના કેડીઓ)

**એંકર : શ્રી વૈભવ મોતા** **થીમ : શ્રી મનીષ ડાગા**

**આપ ગાવાના શોખીન છો ? સંગીતની થોડીક પણ તાલીમ લીધી છે ?**
**તો તરત આપના નામ નોંધાવશો....**
શ્રી મનીષ ડાગા – ૨૫૬૭ ૯૬૭૧/૭૨ (સવારના ૧૦ થી ૬)
ડૉ. નુતન લાપસીયા – ૯૮૨૦૬ ૩૯૦૯૦
નામ નોંધાવવાની છેલ્લી તારીખ : ૨૫–૪–૨૦૧૨

***All those interested in taking part as "SINGER" must register before 25-4-2012***

## શ્રી વીરજી લધાભાઈ કચ્છી દશા ઓશવાલ જૈન વિદ્યાર્થીગૃહ,
## શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ ક.દ.ઓ. જૈન કન્યા છાત્રાલય,
## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન શિક્ષણ પ્રસારક સમિતિ ટ્રસ્ટ
## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ

કાર્યાલય : ન્યુ લક્ષ્મી નિવાસ, કામા લેન, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-400086 ફોન : 25133174 / 25100157

### આપણી શૈક્ષણિક સંસ્થાઓના નવા એડમીશન તથા લોન-સ્કોલરશીપ (વગર વ્યાજની લોન) અને ફી સહાયના ફોર્મ આપવાની કાર્યવાહી બાબત

**૧. શ્રી વીરજી લધાભાઈ કચ્છી દશા ઓશવાલ જૈન વિદ્યાર્થીગૃહ-ઘાટકોપર**

**શાળા વિભાગ :** અરજીપત્રક ભરવાની છેલ્લી **તા.૩૦ મે ૨૦૧૨;**

★ **ઈન્ટરવ્યુ : તા.૯-૬-૧૨ માતુશ્રી પુરબાઈ છેડા આરામગૃહ, છેડાનગર, ચેંબુર** ખાતે સવારે ૧૦.૩૦ વાગેથી...

**કોલેજ વિભાગ :** અરજીપત્રક ભરવાની છેલ્લી **તા.૩૦ મે ૨૦૧૨**

★ **ઈન્ટરવ્યુ : તા.૧૦-૬-૧૨ શ્રી અનંતસિધ્ધિ અતિથીગૃહ, ભાંડુપ** ખાતે સવારે ૧૦.૩૦ વાગેથી...

૧લી જૂન ૨૦૧૨થી વિદ્યાર્થીગૃહનું પ્રથમ સત્ર શરૂ થશે તે પહેલા અરજીપત્રક ભરવાના રહેશે. વિદ્યાર્થીગૃહમાં ધોરણ ૫ થી ૧૦ સુધીના છાત્રોને શાળા ફી, પાઠ્યપુસ્તક, તમામ સ્ટેશનરી, યુનિફોર્મ, કપડાની વધારાની બે જોડી, તેલ, સાબુ, મેડીકલ સારવાર, રહેવા-જમવાની ફ્રી સવલતો આપવામાં આવે છે. ધોરણ ૧૧ અને ૧૨ના છાત્રોને નિયમાનુસાર રહેવા, જમવાની ફ્રી સવલતો પ્રાપ્ય છે. ઉપરાંત તમામ છાત્રોને કોમ્પ્યુટર જ્ઞાન, ઈન્ટરનેટ, વ્યાયામ, રમતગમત, વિવિધ સ્થળે પ્રવાસ, ધાર્મિક શિક્ષણ, વાચનાલય, પુસ્તકાલય વગેરે વિવિધ બહોળા પ્રમાણમાં લાભો ઉપલબ્ધ છે.

**નોંધ :** તા.૩૦-૫-૧૨ પછી ફોર્મ લેટ ફી સાથે જ સ્વીકારવામાં આવશે.

**૨. શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ ક.દ.ઓ. જૈન કન્યા છાત્રાલય**

૧૪૨, કૃષ્ણ કિરણ ગારોડીયા નગર, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૭૭. ફોન : ૨૫૦૬૩૪૪૯

**શાળા તથા કોલેજ વિભાગ :** (ક.દ.ઓ. છાત્રાઓને નિ:શુલ્ક રહેવા-જમવાની સગવડ પ્રાપ્ત છે)

અરજીપત્રક ભરવાની છેલ્લી **તારીખ : ૩૦ મે ૨૦૧૨**

અરજીપત્રક મેળવવાનો તથા ભરીને પાછું આપવાનો સમય : સવારે ૧૧ થી સાંજના ૫ દરમ્યાન

ક.દ.ઓ. જ્ઞાતિની છાત્રાઓને ઈન્ટરવ્યુ આપવાની તારીખ : ૧૦મી જૂન ૨૦૧૨

સમય : જૂની છાત્રાઓ માટે ૧૦.૩૦ થી ૧.૦૦ અને નવી છાત્રાઓ માટે બપોરે ૨ થી ૫ કલાકે ઘાટકોપર ખાતેના છાત્રાલયમાં ઈન્ટરવ્યૂ સમયે માતા/પિતા અથવા જવાબદાર વાલી સાથે હાજર રહેવાનું રહેશે, ત્યારબાદ કન્યા છાત્રાલય શરૂ થતા અને રીઝલ્ટ મળતાં તેની ઝેરોક્ષ કોપી ઓફિસમાં આપવાની રહેશે.

**૩. શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન શિક્ષણ પ્રસારક સમિતિ ટ્રસ્ટ**

S.S.C. માં ૫૦% કે તેથી વધુ ગુણાંકે પાસ થયેલ કોલેજના વિદ્યાથી/વિદ્યાર્થીનીઓને હોસ્ટેલ ફી/કોલેજ ફી માટે વગર વ્યાજે લોન/શિષ્યવૃતિ આપવામાં આવે છે. ફોર્મ ભરવાની છેલ્લી **તારીખ ૩૦મી જુન ૨૦૧૨** છે. વધુ વિગત કાર્યાલયમાંથી મેળવી લેવી.

**નોંધ :** પ્રત્યેક પરિણામની ઓરીજીનલ માર્કશીટ ઈન્ટરવ્યુ દરમ્યાન સાથે લાવવી.

જુના અરજીફોર્મ ચાલશે નહિ. નવા અરજીફોર્મ સંસ્થાની ઓફિસેથી મેળવી ભરવાના રહેશે.

**૪. શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ સંચાલિત**

શ્રી કાનજી ભાણજી મોતા અને શ્રી દેવકાબાઈ કાનજી મોતા, તેરાવાલા શાળા ફી, પુસ્તક સહાય ફંડ (ધોરણ ૧ થી ૧૦ માટે શાળા ફી તથા પુસ્તક સહાય) ફોર્મ ભરવાની છેલ્લી **તા.૩૦મી જૂન ૨૦૧૨** છે.

**નોંધ :** વાર્ષિક પરીક્ષામાં નાપાસ થનાર વિદ્યાર્થીએ અરજી કરવી નહિ.

**: જ્ઞાનદાન શ્રેષ્ઠદાન :**

# શ્રી મોમાઈ માતાજી (સાંચરા)ની દ્વિતિય સમુહ પહેડી

શ્રી મોમાઈ માતાજીની અસીમ કૃપાથી શ્રી નારાણજી શામજી વાડી, માટુંગા (મુંબઈ) મધ્યે **તા.૮-૪-૨૦૧૨**ના શ્રી મોમાઈ માતાજીની દ્વિતિય સમુહ પહેડી ગામે-ગામથી પધારેલ ભાવિકો, નિયાણી બહેનો તેમજ મહાનુભાવોની લગભગ ૫૦૦થી વધુ જણાંની હાજરીમાં ખુબજ ઉત્સાહ, આનંદ, ભાવ-ભક્તિપુર્વક ધામધુમથી ઉજવાયેલ. જેના દાતા **માતુશ્રી સોનબાઈ મુલજી મોમાયા પરિવાર** રહેલ.

ભોઈમા **શ્રી જયાબેન**ના લાગણીસભર આશિર્વાદ સૌના ઉપર અવિરત વહેતા રહેલ. આમંત્રણને માન આપી પધારેલ **સુથરીના ઘરમશી (અંબેમા) પરિવાર**ના ભોઈમા **તેજલબેન** સાંચરાની નિયાણી તરીકે પહેડીને આધ્યાત્મીક બનાવવા અથાગ મહેનત કરેલ. સાથે કાર્યકરો **શ્રી રાજીવ દોશી** અને **શ્રી પંકજ મોમાયા**ની જહેમત ખુબજ ઉપયોગી બને.

**પૂ.સા.શ્રી અનંતયશાશ્રીજી મ.સા.** સંઘની આગ્રહભરી વિનંતીને માન આપી પધારી, માંગલિક આશિર્વચનમાં માતાજીની શક્તિ, તેના ચમત્કારો, આપસમાં પ્રેમભાવ, પોતાના યોગદાનનું ફળ વગેરે વિગતે સમજાવી સાંચરાના નિયાણી ભાવની લાગણી વહેતી કરેલ.

જેના ચમત્કાર સ્વરૂપ તૃતિય પહેડીના દાતા **માતુશ્રી ખેતબાઈ મેઘજી મોમાયા પરિવાર** હસ્તે **શ્રી મહેન્દ્રભાઈ મોમાયા** (રાજકોટ), ચતુર્થ પહેડીના દાતા ભોઈમા **માતુશ્રી જયાબેન નવિનચંદ્ર લીલાધર મોમાયા પરિવાર** (મુંબઈ) તથા પાંચમી પહેડીના દાતા **માતુશ્રી રતનબેન મુલજી કેશવજી મોમાયા પરિવાર** હસ્તે **શ્રી કિરણભાઈ મોમાયા** (સૈદાપુર) આદિ પરિવારો લાભાર્થી બન્યા. આ પ્રસંગે વિશેષ ચડાવાઓ, અવસર આની, જીવદયા વગેરેમાં લોકોએ ઉમળકાભેર સવાયા લાભો લીધા.

મુંબઈ મહાજનના પ્રમુખ શ્રી નયનભાઈ ભેદા, તેમજ પદાધિકારીઓ અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીગણ શાંતિજિન ગ્રુપના શ્રી જયેશભાઈ જૈન, રાયપુરના શ્રી ચંદ્રેશભાઈ છેડા, આરીખાણાના શ્રી પ્રવિણભાઈ લોડાયા, શ્રી પારસભાઈ મૈશેરી, શ્રી સંજય અજાણી, શ્રી ચેતન મોતા, શ્રી રાજેશ છેડા વગેરે મહાનુભાવો આમંત્રણને માન આપી આ પ્રસંગે પધારી શોભામાં અભિવૃદ્ધિ કરેલ.

આ ઐતિહાસિક પહેડીને સુવર્ણમયી બનાવવા દિપ્તીબેન હરીયા એવમ સંગીતપાર્ટીએ માતાજીની ધુન અને ગીતરાસથી લોકોને મંત્રમુગ્ધ કરેલ સાથે રાસગરબા આનંદપુર્વક લેવાયા. અવસર કેટરર્સવાળા શ્રી ગીરીશભાઈએ ભાવથી સ્વાદિષ્ટ ભોજનીયા જમાડેલ. યાદગીરીરૂપે ભાવિકો તેમજ નિયાણી બહેનોને ઘરદીઠ સુંદર આકર્ષક **તોરણ** ભેટ આપવામાં આવેલ. સાથે બહેનોને ગજરાના લાભ લેવાયા.

**શ્રીમતી રાજુલબેન મોમાયા** તથા **શ્રી હીરાચંદભાઈ મોમાયા**એ કાર્યક્રમનું સફળ સંચાલન કરેલ. પહેડી સમિતિની અથાગ મહેનતથી આ અવસર ચિરસ્મરણીય અને સફળ બની રહેલ. સાંયરા મોમાયા પરિવારજનો અને ભાવિકોએ શ્રધ્ધા-આસ્થાપુર્વક માતાજીના સમુહ પહેડી પ્રસંગને ઉજવીને પરિવાર મિલનનું યાદગાર નિમિત રચ્યું. અમે સૌના આભારી છીએ.

**સાંયરા - મોમાયા પરિવાર**

# શ્રધ્ધાંજલિ

: જન્મ :
૧૭-૩-૧૯૩૨
અમલનેર



: સ્વર્ગવાસ :
૩૦-૪-૨૦૧૧
ડોમ્બીવલી

## સ્વ. શ્રી વિરચંદ રતનશી પ્રેમજી ધરમશી (ભાટે) (જખૌ / સાંયરા)

હૈયું હેતનો હિમાલય, સ્નેહ સરિતા સમ વાણી
દિલ દુભાય જો કોઈનું, તો આંખમાં આવે પાણી
હૈયે તેવું હોઠે જેવી પારદર્શક - નિખાલસ પ્રકૃતિ,
મનના માયાળુ, હૈયાના હેતાળ અને હૃદયના ઋજુ,
સહુ પર સ્નેહ વરસાવતા આપ્તજનની વસમી વિદાયથી
શોકમગ્ન પરિવારની એજ પ્રાર્થના કે
હે પરમાત્મા ! એ આત્માને પરમ શંતિ આપજો...

**-: શ્રધ્ધાંજલિ સુમન અર્પણ કરનાર :-**

પત્નિ : **હીરબાઈ વીરચંદ ધરમશી**

ભાભી : **વિજયાબેન દેવજી ધરમશી (પટેલ)** પુત્ર-પુત્રવધુ : **અ.સૌ. ચિત્રા કુમારપાલ ધરમશી**

પૌત્ર : **ભાવિક પૌત્રી નિકિતા**

દિકરી-જમાઈ : **પુષ્પાબેન, અ.સૌ. દમયંતી પ્રફુલ લોડાયા અ.સૌ. મીના મુલચંદ લોડાયા અ.સૌ. લીલમ તુષાર મોમાયા**

સાસુ-સસરા : **સ્વ. લક્ષ્મીબાઈ ચાંપશી મેઘણ મોમાયા પરિવાર** (સાંયરા-મુલુન્ડ)

## સનસીટી ડેવલપર્સ-ભુજ

**સનસીટી-૧**

**બાવીસમી મીટીંગના વિજેતાઓને અભિનંદન**

| ટોકન | ઈનામ | ભાગ્યશાળી મેમ્બરનું નામ | પ્રતિનિધિ |
|---|---|---|---|
| 727 | એક્ટીવા | રાજકુમાર લખમશી નાગડા-મુંબઈ | દિપક નાગડા (લબ્ધીભાઈ) |

કોમ્પ્યુટર સેટ : ૨૩૮, હેન્ડીકેમ કેમેરો : ૧૦૨૨, ફ્રિઝ ૨૩૦ લિ. ૩૦૬, આટા મેકર : ૪૫૪, ફ્રિઝ : ૧૩૯૩, ટીવી ૨૦" : ૧૦૫૯, વોશીંગ મશીન : ૧૫૯

**-: આશ્વાસન ઈનામો :-**

(૪ થી ૫ ઓવન) : ૨૦૦, ૪૬૧
(૬ થી ૧૦ ડીવીડી પ્લેયર) : ૪૬૮, ૧૭૭૭, ૧૬૫૬, ૭૧૨, ૧૬૮૭
(૧૧ થી ૧૫ મિક્ષ્ચર જ્યુસર) : ૧૧૩૪, ૧૭૯૭, ૬૧૪, ૭૧૮, ૮૭૩
(૧૬ થી ૨૫ સેન્ક્વીચ મેકર) : ૩૧૧, ૩૦૭, ૧૦૧૬, ૪૬૩, ૩૭૬, ૧૧૬૯, ૬૪૯, ૮૦, ૫૬, ૧૭૭૪
(૨૬ થી ૩૫ સોડા મેકર) : ૧૬૭, ૧૧૬૫, ૧૧૨, ૫૨૦, ૧૧૭૮, ૧૧૬૦, ૭૯૧, ૧૯૪૪, ૧૪૭૦, ૧૪૦૩
(૩૬ થી ૪૫ મોબાઈલ કલર) : ૮૪૬, ૬૬૫, ૩૭૯, ૯૧૬, ૧૬૭૮, ૧૦૮૪, ૩૯૧, ૧૧૯૬, ૧૬૫૯, ૫૧૫
(૪૬ થી ૬૫ મીક્ષ્ચર ગ્રાઈન્ડર) : ૧૧૮૮, ૧૫૪૭, ૧૭૯૫, ૧૯૬૩, ૧૬૦૬, ૪૩૯, ૪૬, ૧૯૦૨, ૬૧, ૨૭૧, ૨૯૮, ૧૯૧૩, ૧૧૨૦, ૧૨૪, ૪૫૨, ૧૪૨૪, ૮૯૦, ૧૯૫૦, ૧૫૮, ૧૬
(૬૬ થી ૮૦ હેન્ડ બ્લેન્ડર) : ૫૮૮, ૪૮૮, ૧૬૭૪, ૧૦૩૫, ૧૯૧૯, ૧૫૧૯, ૪૮૭, ૯૮૦, ૭૦૨, ૧૭૯૧, ૧૬૫૧, ૧૭૩૯, ૫૫૨, ૬૫૨, ૩૮૫

**ત્રેવીસમી મિટિંગ તા.૯-૪-૧૨ એકમ ભવન ભુજ મધ્યે.**

ભુલચુક ક્ષમ્ય છે - ઈનામ આઈટમો ઓફિસેથી મેળવી લેવી.

**૧૧૪, પહેલા માળે, ધવલ કોમર્શીયલ, છઠ્ઠીબારી રીંગ રોડ, ભુજ-કચ્છ. મો. : 99065 47953**

**સૌજન્ય : શ્રી ભલારાદાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ (પરિવાર)**


*SUMMER HOLIDAYS*

**MAHABALESHWAR**



2 Nights | 2 Days with return A/C deluxe coach from Mumbai + All Meals (Jain food available)+ Sightseeing of MAHABALESHWR, Panchgani & Pratapgadh Fort

Hotel Sapna / Vishwanath - ₹ 5990/- per couple
Hotel Ashoka Inn - ₹ 6450/- per couple
Mahabaleshwar Palace - ₹ 6990/- per couple
Hotel Park Plaza - ₹ 8050/- per couple
Valley View Resort - ₹ 10850/- per couple
Hotel Regal - ₹ 10350/- per couple
Hotel Rajesh - ₹ 12050/- per couple

*conditions apply

**Shimla / Manali by Volvo - ₹ 10,500/- pp**
5night | 6 days (with sightseeing & meals)

**Goa 3 star Resort - ₹ 7,000/- per couple**
2night | 3 days (with AC room+sightseeing & meals)

9870419012 / 9821348339
Email: info@traveldhamaal.com
www.traveldhamaal.com

TravelDhamaal HOLIDAYS & TOURS
Prabhadevi, Mumbai

## ગાંધીધામનું ગૌરવ



**ચિ. ફેનાલી - જેમીની કેતન લોડાયા**
**(કોઠારા-ગાંધીધામ)**

ગાંધીધામની સ્મોલ વંડર કિન્ડરગાર્ટન સ્કુલમાં નર્સરીમાં **મિસ સ્મોલ વન્ડર**નો ખિતાબ મેળવી નાની ઉમરે સિધ્ધી પ્રાપ્ત કરવા બદલ ખુબ-ખુબ અભિનંદન અને ઉત્તરોત્તર પ્રગતિ કરો એવા આશિર્વાદ...

મોટા દાદી (બાઈ) : **શાહ ભચીબાઈ જવેરચંદ લોખંડવાલા**
દાદા-દાદી : **શાહ જયશ્રીબેન મધુકાન્ત જવેરચંદ લોડાયા**
નાના-નાની : **શાહ જયાબેન પ્રબોધ હિરાચંદ મુનવર**

## કોઠારા ગામનું ગૌરવ



**શ્રી પ્રબોધભાઈ હિરાચંદ મુનવર** (ભુજ)

સાહસ, શૌર્ય, તબીબીસેવા અને સુખાકારી ક્ષેત્રની શ્રેષ્ઠ કામગીરી માટે રાજ્ય સરકાર દ્વારા આપને એવોર્ડ મળેલ છે, જેથી **કોઠારા** ગામનું તથા જ્ઞાતિનું ગૌરવ વધારેલ છે તે બદલ ખુબ-ખુબ અભિનંદન...

**-: શુભેચ્છક :-**

**માતુશ્રી ભચીબાઈ જવેરચંદ લોડાયા**
**અ.સૌ. જયશ્રી મધુકાન્ત લોડાયા**
**અ.સૌ. જેમીની કેતન લોડાયા**
**અ.સૌ. પૂજા દિપેન લોડાયા**
**અ.સૌ. નિલમ મયુર દંડ**
**અંકિત-ફેનાલી-હેમ** (કોઠારા-ગાંધીધામ)

## શ્રી રંગપુર સામતાણી નાગડા પરિવાર

**આમંત્રણ**

સહર્ષ જણાવવાનું કે સામતાણી નાગડા પરિવારના કુળદેવી શ્રી અંબામાતા ના નિવેદ અને દેવસ્થાનના પોત ઓઢાડવાનો કાર્યક્રમ શ્રી રંગપુર મુકામે તા. ૨૯-૦૪-૧૨, રવિવાર, વૈશાખ સુદ આઠમ ના રાખેલ છે. સર્વે કુટુંબીજનોને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

સામતાણી નાગડા પરિવારની પાંચમી પહેડી, નાગદેવતા તથા સુરાપુરા દાદા ના પ્રસાદ (નિવેદ) અને સ્નેહમિલન રવિવાર તા.૧૩-૦૫-૨૦૧૨, વૈશાખ વદ આઠમ સંવત ૨૦૬૮ ના આયોજન કરેલ છે.

સર્વે સામતાણી નાગડા પરિવારોના કુટુંબીજનો તથા નિયાણી બહેનોને સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

: શુભદિવસ :
રવિવાર
તા. ૧૩/૦૫/૨૦૧૨

: શુભસમય :
સવારે ૮ થી
બપોરે ૩ વાગ્યા સુધી

**શુભ સ્થળ**

**Tip Top Plaza, A/C Banquets Hall,**
**3rd Floor, L.B.S. Marg, Near, Check Naka,**
**Thane (West), Mumbai - 400 602.**

આ સાથે બાળકોને પહેડી ને અનુરૂપ પરફોમેન્સ આવકાર્ય છે.
જે વહેલા તે પહેલા ધોરણો સમય મર્યાદા મુજબ રહેશે.

**- સંપર્ક -**

| | | |
|---|---|---|
| કાંન્તીભાઈ | જીતેન્દ્રભાઈ | ચેતનભાઈ |
| ૯૯૨૦૨૪૦૧૧૬ | ૯૮૨૦૭૨૨૮૯૯ | ૯૮૨૦૨૪૭૨૪૨ |

**લી. શ્રી અંબેમા નાગડા પરિવારના જય માતાજી**

## સનસીટી ડેવલપર્સ-ભુજ

**સનસીટી-૨**

**દસમી મીટીંગના વિજેતાઓને અભિનંદન**

| ટોકન | ઇનામ | ભાગ્યશાળી મેમ્બરનું નામ | પ્રતિનિધિ |
|---|---|---|---|
| 80 | મારૂતિ કાર | નિતા મહેન્દ્ર બિજલાણી-ભુજ | મહેન્દ્રભાઈ બીજલાણી |

(કોમ્પ્યુટર) : ૨૬૦, (હેન્ડીકેમ કેમેરો) : ૧૭૪૮, (ફ્રિઝ) ૯૯૩, (આટા મેકર) : ૨૧૮૨

**-: આશ્વાસન ઇનામો :-**

(૧ ફ્રીઝ) : ૧૪૪૭, (૨ ટીવી) : ૪૭૨, (૩ વોશિંગ મશીન) : ૧૨, (૪ થી ૫ ઓવન) ૧૦૨૮, ૧૮૦૪, (૬ થી ૧૦ ડીવીડી પ્લેયર) : ૪૩૫, ૨૫૨, ૧૮૩૮, ૧૯૬૧, ૫૩૫, (૧૧ થી ૧૫ મિક્ષ્ચર જ્યુસર) : ૯૨૮, ૧૧૧૪, ૧૧૭૭, ૧૦૫, ૧૦૯૦, (૧૬ થી ૨૫ સેન્ડવીચ મેકર) : ૧૧૪, ૧૧, ૧૨૬, ૧૭૨૫, ૧૭૦૭, ૫૩૬, ૭૭૨, ૧૪૧૮, ૧૬૮૪, ૨૯૯ (૨૬ થી ૩૫ સોડા મેકર) : ૨૧૯૫, ૫૨૮, ૧૦૧, ૭૮૦, ૫૦, ૧૧૯૩, ૭૭૪, ૧૨૨૦, ૧૩૭૫, ૧૨૪૭, (૩૬ થી ૪૫ મોબાઈલ કલર) : ૨૬૪, ૧૨૧૨, ૪૨૭, ૨૧૦૨, ૨૮૬, ૧૯૦૮, ૧૨૮૧, ૬૪૭, ૨૦૯૩, ૧૨૭, (૪૬ થી ૬૫ મિક્ષ્ચર ગ્રાઇન્ડર) ૨૨૩૦, ૭૧૨, ૧૪૦૧, ૧૩૧૮, ૯૫, ૨૪૬, ૧૧૪૭, ૪૮૦, ૬૫૪, ૨૧૫૭, ૭૨૭, ૧૮૬૯, ૧૧૬૪, ૧૬૧૪, ૧૧૦૦, ૧૬૮૬, ૨૫૭, ૧૭૮૨, ૨૦૩૩, ૩૪૮ (૬૬ થી ૮૦ હેન્ડ બ્લેન્ડર) : ૧૭૧૫, ૨૧૯૪, ૯૫૩, ૫૭, ૭૭૬, ૫૩૭, ૨૨૩, ૨૦૧, ૮૫૯, ૫૯૩, ૭૨૩, ૪૨૫, ૧૧૩૩, ૧૦૩૧, ૧૪૭૦

ભુલચુક ક્ષમ્ય છે - ઇનામ આઈટમો ઓફિસેથી મેળવી લેવી.

**સૌજન્ય : શ્રી ભલારાદાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ (પરિવાર)**

## નલીયા નાગડા ગોત્ર માતાજીની સમુહ પહેડી

દર વર્ષની જેમ આ વર્ષે પણ **નાગડા** ગોત્ર માતાજીની સમુહ પહેડી ગુરૂવાર **તા.૨૧-૬-૨૦૧૨**ના આષાઢી બીજ **નલીયામધે** સવારના ૧૦.૩૦ વાગે પહેડીનો પ્રસાદ લેવા સમસ્ત નાગડા પરિવાર તેમજ નીયાણી બહેનો સહકુટુંબ પધારવા આમંત્રણ છે.

લી.

**શ્રી નાગડા ગોત્ર માતાજીના ભાવિકો**

**(નલીયા)**

## હાર્દિક અભિનંદન !



**પ્રબોધ એચ. મુનવર**

**(કોઠારા ભુજ)**

સાહસ, શૌર્ય, તબીબીસેવા અને સુખાકારી ક્ષેત્રની શ્રેષ્ઠ કામગીરી માટે ગુજરાત રાજ્ય સરકાર દ્વારા આપને એવોર્ડ પ્રાપ્ત થયેલ છે એ બદલ આપને ખૂબ-ખૂબ અભિનંદન...

**-: શુભેચ્છક -:**

**સૌ. રૂપલ મનીષ મોમાયા (ગાંધીધામ)**

**સૌ. ઝંખના ગૌરવ મોમાયા (ડોંબિવલી)**

**પ્રિત અને અર્પિતા**

## કન્યા જોઈએ છે

ડોંબીવલીના પોશ એરીયા સ્થીત, ૩૦ વર્ષનાં હેન્ડસમ B.Com., M.B.A. થયેલા, કોર્પોરેટ કું.માં કામ કરતાં, મહીને અર્ધો લાખ સેલેરી મેળવતા, સોહામણાં યુવાન માટે સુંદર, સુશીલ ગ્રેજ્યુએટ, ગૃહકુશળ યુવતીનાં વાલીઓ સંપર્ક કરે.

(જાહેરાતનો હેતુ યોગ્ય વિશાળ પસંદગી) એજ્યુકેટેડ, વ્યવહાર કુશળ બહારગામની યુવતી પણ આવકાર્ય.

**સંપર્ક : મો. 088793 16834**

email : mahavir2015@rediffmail.com

**K. Dixit**

**રીયલ ડાયમંડની ડીઝાઈનર જ્વેલરી તૈયાર મળશે.**

**કૌશિક રાયચંદ શાહ (પટેલ) - સાંધાણ**

**982045 7676**

417, Kailash Plaza, Vallabh Baug Lane, Ghatkopar (E), Mumbai - 400 075. • E-mail : kdixit@hotmail.co.in



## PASS PRIVATELY

**An Easy to Pass S.S.C.**
**Pass S.S.C. without Maths/CCI/Marathi/ NIOS/Mumbai Board Private H.S.C. Failed F.Y./S.Y. appear directly to T.Y. (1 to 2 years) B.A. B.Com. B.Sc. BBA ECE & Phonic Teacher Training Course**

Contact : **L.N. Mehta Ed. Classes**

Yogesh Sadan, Hingwala Lane, Ghatkopar (E), Mumbai-400077.

Tel.: 25014824 / 25014870 / 9821285541

# "કચ્છી કાવની સરવાણી"

(સંકલનકાર - સોમ ધરમશી)

## કવિ તેજ - મણકો - ૧૦

બે પંક્તિઓ નો મર્મી કવિ

## કવિ તેજનાં કાવ્યમાં ભક્તિરસ

**સિણ ફાટો સુખાણ તુટો, વા'ણ હીલે મઝધાર;**
**હે પાર્શ્વ ! તો જે આસરે હાણે તુંજ આધાર.**

(સિણ - સઢ, સુખાણ - સુકાન, હીલે - હાલક ડોલક)

ગુજરાતી કાવ્ય સમૃદ્ધિના વારસાના પગરણ છલોછલ ભક્તિરસથી થયા છે. યોગ્ય રીતે કહેવાયું છે કે ગુજરાતી ભાષાને પ્રારંભમાં જ હેમચંદ્રાચાર્ય અને નરસિંહ મહેતાના આશિર્વાદ મળ્યા છે અને ફળ્યા છે. ગુજરાતી કવિતાનું પ્રભાત નરસિંહનાં પદે-પદે ઉઘડે છે. માત્ર નરસિંહની જ નહીં પણ મધ્યકાલીન કવિતા જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યનાં પદોથી ધબકે છે. નરસિંહે કૃષ્ણને ગોપી ભાવે ભજવ્યા છે તો કવિ તેજે પારસનાથ અને કૃષ્ણ પર અઢળક પ્રેમ ઢાળ્યો છે. તેજની શરૂઆતની રચનાઓમાં આ પ્રેમ લક્ષણા ભક્તિની આપણને પ્રતીતી થાય છે.

૨૪ તીર્થંકરમાંથી ૨૩મા પ્રભુ પાર્શ્વનાથને ચમત્કારીક માનવામાં આવ્યા છે. ભારતમાં જુદા-જુદા સ્થળે આવેલા ૧૦૮ પાર્શ્વનાથનાં દર્શન કરવા લોકો નીકળી પડે છે. કવિ તેજ પોતાની કવિતા દ્વારા પાર્શ્વનાથને રીઝવે છે. આપણે એ ભક્તિરસનો અમીરસ માણી પાવન થઈયે અને તેજની કવિતાનો પ્રથમ પ્રકાર એટલે કે ભક્તિ રસને માણીયે...

## ધિલડે વિઠા

**પ્રભુ પારસનાથ મુખડા ડિઠા,**
**મુંજે પારસનાથજા નેણલા મિઠા.**

**હે...જી નાથજે ડસણે ડુખડા ટરેં,**
**નિત પૂજા કરેસેં તાં પાપ હરેં;**
**ભાવેં ભગતી કરે સેં થીએ કરમ બુઠા,**
**મુંજે પારસનાથજા નેણલા મિઠા.**

**જી...રે જ્ઞાન ભણેસે થીએ નિમરી મતિ,**
**જી...રે ધરમ કરેસેં થીએ જીવજી ગતિ;**
**જેં સાહેબ ન સમર્યોં ઈ નર તાં મુઠા,**
**મુંજે પારસનાથજા નેણલા મિઠા.**

**કેઆ તન-મન અરપણ સ્વામીજે સરણે,**
**ધન ધન જીવન નાથ જે ચરણે;**
**'તેજ' સેવકજે 'ડાડા' ધિલડે વિઠા,**
**મુંજે પારસનાથજા નેણલા મિઠા.**

કવિ તેજને પ્રભુ પાર્શ્વનાથ પર અખંડ અસીમ શ્રદ્ધા છે. પ્રાતઃકાલે પારસનાથની માળા ના જપી લે ત્યાં સુધી તેમને કોઈ કામ સુજતું નથી. નલિયા સ્થિત તેમના ઘરમાં પાર્શ્વનાથની મૂર્તિના મેં દર્શન પણ કરેલ છે, અને જ્યારે એમને પ્રશ્ન પૂછ્યો કે- તેજ, હી કાવ કયાંથી ઉતરેતો ? તેમનો જવાબ હતો કે- હી પારસનાથજી દુહાઈ આય. આ નિખાલસ પાર્શ્વ પ્રેમી કવિની હજી એક રચના માણીયે જેમાં કવિ પ્રભુના ચરણમાં ભક્તિ-ભાવથી શરણ લે છે, અને કહે છે કે મારું શું ગજું છે સંસાર સાગરને તરવામાં. આ તો તારા ભરોસે મારી નાવડી તારા હલેસાંથી ચાલે છે. આ નાવડી સાવ જાજરી (જર્જરિત) થઈ ગઈ છે (જુરણમેં) તુટી પડવામાં છે. આ જિંદગીમાં જ નહીં પણ જીવન અને મરણમાં પણ તારા દર્શનની તારા સાથની જરૂરત છે અને મોત આવે ત્યારે મારી છેલ્લી ઈચ્છા છે કે તું મારા અંતઃકરણમાં રહેજે.

## તું અંતમેં અંતઃકરણમેં

**પારસનાથ મુંજા સાથ તોંજો, આયોની તોંજે ચરણમેં;**
**ભસ ભક્તિ કરિઆં ભાવસેં, સિદ્ધિ મિલી પેં સરણમેં.**

**ગજો કિતરો, મિઠા, મુંજો સંસાર-સાગર તરણમેં;**
**બેડ઼ી હલે તોંજે હલેંસેં, કીં જાજરી કીં જુરણમેં.**

**હાજરાહજુરજો ભાસ થીએ, પધરાની પિરચા પૂરણમેં;**
**જતી-જોગી સાધુ-શ્રાવક આસ્થા અનાથી વરણમેં.**

**હે પુરખા ડાની, તું પ્રભુ ! તું ભરકત ડીંએં, તું ભરણમેં;**
**તોંજે સેવાલેં સભર સક્તિ પદ્માવતિ ને ધરણમેં.**

**ભવાટવીમેં સાથ મંગાં પ્રભુ જીયણમેં ને મરણમેં;**
**છેલ્લી ઈચ્છા મુંજી 'તેજ' ચેં : તું અંતમેં અંતઃકરણમેં.**

ભક્તિ રસમાં પણ કવિ રામ ભગવાનનો સહારો લઈ ઘણી મોઘમ વાતો કરે છે. પશ્ચાતાપ જેવી કોઈ મહામૂલી મુડી નથી અને તેથી જ આ અટપટા જીવનમાં કેવા-કેવા અહિતના કાર્યો કર્યા છે તે યાદ કરી-કરી ભક્તિભાવથી પ્રભુ શ્રી રામને વિનવે છે કે 'હે રામ ! તારા નામે તો પથ્થર તરે છે તો અમને પણ તારજો.'

**હે રામ ! અસાં કેંડ઼ી જિંધગી ગુધારેઓં !**
**હે રામ ! અસાં ઑડ઼ી જિંધગી ગુજારેઓં !**

**ખોટા સાંખી ભની ઉભાસીં ખૂટિયું મતુંની મારેઓ;**
**કૂડ઼ કૂટે કેઓં કમાણી, ભેરી ધગાની ધિલડે ધારેઓં!**

**ગુણચોર થેઆસું ગુણીઅલેં મથે વફાકે નિપટ વિસાર્યોં!**
**ખણખોધ કેઓં ટુગી વિઈ ઓટેંતે સાંઢવટ કડેં ન બારેઓ!**

**રાત થોડ઼ી રિઈ વેસ જિજા, પ્રભુ હાણે અઇં જ ઉકારેઓ!**
**આંજે નાલે પાંચણ તરેંતા, પાંચણ સમજીને તારેઓ! હે રામ!**

વધુ આવતાં અંકે...

# શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થીસંઘ

કાર્યાલય : ૧૭. ભેદાભવન, ૨૨, જેઠાભાઈ લેન, ઘાટકોપર (ઇ), મુંબઈ-૪૦૦૦૭૭.
E-mail : shrikdovidyarthisangh@gmail.com


## વાર્ષિક સામાન્ય સભા

શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘની વાર્ષિક સામાન્ય સભા, રવિવાર **તા.૬-૫-૨૦૧૨**નાં રોજ સાંજના ૪.૦૦ વાગે Dome Hall, S.N.D.T. College, કામા લેન, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૬માં મળશે જેમાં નીચે મુજબની બાબતો હાથ ધરવામાં આવશે.

**-: એજન્ડા :-**

૧) વર્ષ ૨૦૧૦થી ૨૦૧૨ સુધીના વર્ષોનો પ્રમુખનો અહેવાલ.

૨) વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ના હિસાબો રજૂ કરવા.

૩) વર્ષ ૨૦૧૧-૨૦૧૨ ની હંગામી (એડ-હોક) વ્ય. સમિતિની નિમણુંક (તા.૧૫-૮-૨૦૧૨ સુધી) ને મંજૂરી આપવી.

૪) વર્ષ ૨૦૧૨-૧૪ની વ્ય. સમિતિની ચૂંટણીની તારીખ નક્કી કરવી.

૫) બંધારણમાં ફેરફારો કરવા વિષે ચર્ચા કરવી અને ઉક્ત ફેરફારો, સુધારા વગર અથવા સુધારા સાથે, મંજૂર કરવા.. આ ચર્ચા આ સાથે નિર્દેશિત ફેરફારોને સિમિત રહેશે બીજા કોઈ ફેરફાર ચર્ચવામાં નહીં આવે.

૬) કાર્યાલય સમિતિનો રિપોર્ટ રજુ કરવો અને તેમાં ખૂટતી જગ્યાઓ પૂરવી.

૭) અન્ય બાબત જે સભાપ્રમુખની મંજૂરીથી રજુ થાય તે.

**શ્રી મયંક જીતેન્દ્ર જીવરાજ મોમાયા (માનદમંત્રી)**

**નોંધ :** ૧) જો નિયત સમયે કોરમ ન થાય તો, એ સભા ફરી પાછી એ જ દિવસે અને એજ સ્થળે અડધા કલાક પછી (૪.૩૦) વાગ્યે મળશે જેમાં કોરમની જરૂરત નહીં રહે પણ એમાં ફક્ત ઉપરની એજન્ડા આઇટમ (૧) થી (૬)ની ચર્ચા કરવામાં આવશે.

૨) દરેક સભ્યે આ સભામાં વર્ષ ૨૦૦૯-૧૦ની સભ્યપદ રસીદ અથવા આ પત્ર લઈ આવવા વિનંતી છે.

૩) આ સભા બંધારણ સુધારા અને અન્ય કારણોસર અગત્યની હોતાં વિદ્યાર્થીસંઘના ભુતપુર્વ પ્રમુખો, માનદમંત્રીઓ અને પદાધિકારીઓએ ભાગ લેવા અનુરોધ છે.

---

## બંધારણમાં સૂચિત (Proposed) સુધારા

૧) નિમ્નલિખિત કલમ ૭(અ) અને (બ) તરીકે મૂળ કલમ ૭ પછી ઉમેરવી.

(૭) (અ) કાર્યવાહક સમિતિની મુદત બે વર્ષની રહેશે.

(૭) (બ) ફક્ત તા.૧૫-૮-૨૦૧૨ના તુરંત બાદ ચૂટવામાં આવનાર કાર્યવાહક સમિતિની મુદત ૩૧-૩-૨૦૧૨ સુધીની રહેશે. ત્યારબાદની દરેક કાર્યવાહક સમિતિની મુદત બે વર્ષની રહેશે.

૨) વર્તમાન કલમ (૨૨) માં નીચે મુજબના ફેરફાર કરવા :

વર્તમાન કલમ (૨૨) : સંઘનું વર્ષ : **સંઘનું વર્ષ** દર વર્ષની ૧૪મી ઓગસ્ટના પુરૂં થશે અને સંઘના હિસાબો (એકાઉન્ટસ્)નું વર્ષ દર વર્ષની ૩૧મી માર્ચના પુરૂં થશે.

**સૂચિત (પ્રપોઝડ) ફેરફાર :** સંઘનું વર્ષ અને સંઘના હિસાબો (એકાઉન્ટસ્)નું વર્ષ દર વર્ષની **૩૧મી માર્ચ**ના પુરૂં થશે.

## શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થીસંઘની સામાન્યસભા

૩) વર્તમાન કલમ ૭માં નીચે મુજબના ફેરફાર કરવા :

વર્તમાન કલમ ૭ : **કાર્યવાહક સમિતિ :**

(૭) બે ગત કાર્યવાહક સમિતિ નિયુક્ત કરેલા સભ્યો

સૂચિત (પ્રપોઝડ) ફેરફાર : (૭) બે ગત કાર્યવાહક સમિતિએ નિયુક્ત કરેલા સભ્યો. આ સભ્યો ગત કાર્યવાહક સમિતિમાંથી જ હશે.

૪) વર્તમાન કલમ ૭માં નીચે મુજબના ફેરફાર કરવા :-

વર્તમાન કલમ ૭ : **કાર્યવાહક સમિતિ** : સૂચિત (પ્રપોઝડ) ફેરફાર :

ઉપરોક્ત કલમના અંતમાં નીચે મુજબ ઉમેરવું :

"જો બે વિદ્યાર્થીનીની અનામત બેઠકો માટે કોઇ ઉમેદવારી નહીં નોંધાય તો ચૂંટાયેલ વ્ય. સમિતિ સંઘના સભ્ય એવા કોઇ પણ બે વિદ્યાર્થીની નિમણુંક એ બેઠકો માટે કરશે."

૫) વર્તમાન કલમ ૮માં નીચે મુજબના ફેરફાર કરવા :

વર્તમાન કલમ ૮ : **કાર્યવાહક સમિતિના સભ્યપદ માટે યોગ્યતા :**

"કાર્યવાહક સમિતિના સભ્યપદ માટે ઉમેદવારી નોંધાનાર વ્યક્તિ વિદ્યાર્થીસંઘની સભ્ય હોવી જોઇએ અને અત્યારે અભ્યાસ ન કરતી વ્યક્તિ હોય તો તેણે છેલ્લી શૈક્ષણિક પદવી કે ડીપ્લોમા મેળવ્યાને અથવા એસ.એસ.સી. કે સમાન કક્ષાની પરીક્ષા કે તે પછીની પરીક્ષામાં સફળ કે નિષ્ફળ નિવડવાને પાંચ વર્ષ પૂરા ન થયા હોવા જોઈએ..."

**સૂચિત (પ્રપોઝડ) ફેરફાર :**

અ) ઉપરોક્ત કલમમાં, "પરીક્ષામાં સફળ કે નિષ્ફળ નિવડવાને" આ શબ્દો બાદ, **"સતત"** ઉમેરવું.

બ) ઉપરોક્ત કલમમાં, "પૂરા ન થયા હોવા જોઈએ" આ શબ્દો બાદ, **"અને ઉંમર ત્રીસ વર્ષની નીચે હોવી જોઈએ એટલે કે ત્રીસમું વર્ષ શરૂ ન થયું હોવું જોઈએ."** એમ ઉમેરવું.

૬) વર્તમાન કલમ (૨૪) પછી નીચે મુજબની કલમ ઉમેરવી :

(૨૫) દર છ મહિને, વ્ય. સમિતિ એક સંયુક્ત મિટિંગ બોલાવશે, જેમાં માનદ અન્વેષક અને કાર્યાલય સમિતિના સભ્યોને બોલાવવામાં આવશે. આ સંયુક્ત મિટિંગમાં વ્ય. સમિતિ ગત છ મહિના દરમ્યાનના હિસાબો રજૂ કરશે. આવી સંયુક્ત મિટિંગ વર્ષમાં ઓછામાં ઓછું બે વાર બોલાવવામાં આવશે. આ સંયુક્ત મિટિંગ વ્ય. સમિતિની પોતાની મીટીંગ ઉપરાંતની મિટિંગ હશે.

૨૬) રૂા.૧૦૦૦/-ની ઉપરના બધા પેમેન્ટ એકાઉન્ટ પેયી ચેક દ્વારા કરવામાં આવશે.

૨૭) રૂા.૧૦૦૦/- થી વધુ રોકડ પુરાંત (પેટી કેશ) નહીં રાખવામાં આવે.

૨૮) સંઘની મુવેબલ આયટમ્સ્ અને ફર્નિચરની એક ઇન્વેન્ટરી બનાવવામાં આવશે.

**નોંધ : ઉપરોક્ત બંધારણ ફેરફારો વિદ્યાર્થીસંઘની જનરલ સભામાં મંજુર થયેથી તા.૧૬-૮-૨૦૧૨થી અમલમાં આવશે.**

# TEEN TWINKLE

**General Knowledge & fun for teenagers.**

**Mrs. Neelam Dalesh Momaya (Chalisgaon)**
**M/s. Damji Bhimji Co.,** Station Road,
Chalisgaon- MH. 424101.

Kindness is the Language the Deaf can hear and the Blind can see....

There is no venom (Poison) as sharp as the venomof the tongue. Tongue can kill or Nourish Life

Words spoken out of Bitterness can cause inseperable damage.

**AMAZING FIGURES**

Half a kilo of cotton can be spun into more than 3300 kilometres of Yarn.

The silk worm consumes 86,000 times its own weight in 56 days.

Seqoill trees over 4000 years old and 300 feet high are still alive and growing in north western USA.

The caterpillar has 2000 muscles.

**Proverbs are Lamps to Life**

The flowering moments of the mind drop half their petals in our speech.

Flowers leave part of their fragrance in the hands that bestows them.

The best Discipline is that which you impose upon yourself and not anything imposed upon you by others.

***- Swami Ramdas***

**BY THE BYE**

The happiness of life is made up of minute fractions, the Little Forgotten charities of a kiss, a smile, a kind look, a heartfelt compliment and the countless other little pleasureable thoughts and genial feelings.

**YOU ARE AS YOUNG AS YOU FEEL**

Youth is not a time of life. It is a state of mind. It is a temper of the will, a quality of the imagination, a predominence of courage over timidity, an appetite for adventure of love over ease.

Nobody grows old by living a number of years. People grow old by deserting their ideals. Years wrinkle the skin, but to give up enthusiasm wrinkles the soul.

Worry, Doubt, self distrust fear and despair. Turn the Growing spirit back to dust. Whether 60 or 16. There is the love of wonder, the sweet amazement at the stars, the undaunted challenge of events., the unfailing childlike appetite foe what next, and the joy of the game of living.

You are as young as your faith, as old as your doubt, as young as yourself-confidence, as old as your fear, as young as your hopes. As old as your despair. So long as your heart receives message of beauty, cheer courage, grandeur and power from man and from the infinite, so long you are young. When all the centre places of your heart are covered with snows of pessimism and the ice cynicism, then and only then you have grown old indeed.

Live everyday of your life as though you expect to live forever.

**AMAZING FACTS ABOUT SPACE**

Space offers almost no resistance of the movements of objects.

An astronaut discovers that he can change the orbitual position of his spacecraft by moving his head and arms. He notices his sandwiches crumple in space.

He Finds that in space the colour orange and silver are not easily detectable.

He sees that the earth is blanketed at some points by distant layers of cloud.

**શ્રી પ્રબોધ મુનવરને હાર્દિક અભિનંદન**



વર્ષોથી કચ્છમાં વિવિધક્ષેત્રે સામાજિક, શૈક્ષણિક, તબીબી અને જીવદયાની તથા માનવતાની શ્રેષ્ઠ પ્રવૃતિઓ અને કામગીરી કરવા બદલ ગુજરાત સરકાર દ્વારા આ વર્ષે **પ્રશસ્તિ ગૌરવ** એવોર્ડ મેળવેલ છે. આ જ્ઞાતિગૌરવ બદલ હાર્દિક અભિનંદન અને ઉત્તરોતર પ્રગતિની શુભેચ્છાઓ...

શુભેચ્છક : **શ્રી કાંતિલાલ કાનજી લાલકા પરિવાર**
(બાંઢિયા-ગાંધીધામ)

## વજન, પેટનો ઘેરાવો મહિનામાં ઘટાડો

**સંપર્ક : ફોન 09869447858**

પરેજી-આડઅસર વગર સુવાવડ પછીનું ફુલેલું પેટ, બેઠાળુ શરીર, થાઈરોડ, સોજા, માસિક (મેનોપોઝ) પ્રોબ્લેમ, જુની કબજીયાત, વાયુથી વધતું વજન, હાથ-પગની ચરબી, કમરનો ઘેરાવો વગેરે ઘરે બેઠાં ઘટાડીને પાતળા બનો. (વજન પાછું વધતું નથી)

સંધિવા, પગ-ઘુંટણ કમરનો દુખાવો, વા, ચાલવામાં તકલીફ થાક લાગવો વગેરેમાં આરામ અને વાળ ખરતાં અટકાવો, લાંબા બનાવો.

**વધુ માહિતી-09819769903**
**(ડો. આશાબેન મહેતા)**

---

Since 1984...

## Lagna Deep



બી-૧૩, જલારામ આશિષ, દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ ઝરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટકસબની સાડી બોર્ડર • પીટ્ટાતાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઈડલ ચણીયા ચોળી • ડીઝાઈનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી

ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.
(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)
જુના ઘરચોળા લેવામાં આવશે.
**Mob.: 7666688881**

ગુરૂવાર બંધ

---

## મહેંદી ક્લાસીસ

**ડોંબિવલી - મુલુંડ - ભાંડુપ**

- ♦ ટ્રેડીશનલ, અરેબીક અખાતી, રોઝ, બ્લેક, જરદોશી
- ♦ તેમજ એક્સક્લુઝીવ બ્રાઈડલ મહેંદી ડીઝાઈનર્સ
- ♦ એડવાન્સ બ્રાઈડલ મહેંદી કોર્સ
- ♦ ફુલ પ્રેક્ટીસ અને સર્ટીફીકેટ કોર્સ
- ♦ લગ્નની સીઝન માટે એક્સક્લુઝીવ બ્રાઈડલ મહેંદી ડીઝાઈનર્સ
- ♦ મહેંદી રસમ તેમજ બ્રાઈડલ મહેંદીના ઓર્ડર લેવામાં આવે છે.
- ♦ મુંબઈ તેમજ બહારગામના ઓર્ડરનું બુકીંગ ચાલુ છે.

સંપર્ક : **જસ્મીના એલ. ખોના**
(૧૫ વર્ષના અનુભવી)
(મહેંદી આર્ટીસ્ટ, બ્યુટીશીયન તેમજ ટ્રેઈનર)
**સંપર્ક : 9833343951 / 9323139732**

---

## સનસીટી ડેવલપર્સ-ભુજ

**સનસીટી - ૩**

**ચોથી મીટીંગના વિજેતાઓને અભિનંદન**

| ટોકન | ઈનામ | ભાગ્યશાળી મેમ્બરનું નામ | પ્રતિનિધિ |
|---|---|---|---|
| 1144 | હોન્ડા સીડી ડોન | સુમન નંદી-આધોઈ | ઈમરાન એ. સુમરા |

(કોમ્પ્યુટર) : ૧૩૪૮, (હેન્ડીકેમ કેમેરો) : ૪૮૬, (ફ્રિઝ) ૩૮૬(આટા મેકર) : ૬૯

**-: આશ્વાસન ઈનામો :-**

(૧ ફ્રીઝ) : ૧૮૧૨, (૨ ટીવી) : ૧૦૭૬, (૩ વોશિંગ મશીન) : ૧૭૬૭, (૪ થી ૫ ઓવન) ૧૨૨૧, ૩૮૦, (૬ થી ૧૦ ડીવીડી પ્લેયર) : ૪૮૬, ૧૬૯૧, ૨૮૬, ૯૦૪, ૯૪૦, (૧૧ થી ૧૫ મિક્ષ્ચર જ્યુસર) : ૧૨૩૬, ૧૪૦૬, ૬૭૦, ૫૮૮, ૧૦૦ (૧૬ થી ૨૫ સેન્ડવીચ મેકર) : ૮૩૫, ૧૬૯૭, ૭૧૧, ૧૮૩૬, ૧૧૩૩, ૧૯૬૮, ૧૬૮૧, ૧૭૨૬, ૩૦૦, ૯૧૩, (૨૬ થી ૩૫ સોડા મેકર) : ૪૧૧, ૧૮૮૦, ૧૫૭૦, ૩૬૫, ૩૮૫, ૧૩૦૯, ૧૮૪૩, ૭૨, ૧૬૮૯, ૯૪૧, (૩૬ થી ૪૫ મોબાઈલ કલર) : ૧૫૮૫, ૫૪૬, ૧૨૪૪, ૧૪૦૦, ૨૪૨, ૧૩૪૩, ૧૨૮૯, ૬૪૭, ૮૫૯, ૧૩૫૦, (૪૬ થી ૬૫ મિક્ષ્ચર ગ્રાઈન્ડર) : ૩૫૭, ૯૫, ૧૩૬૫, ૧૩૦૦, ૧૭૧૪, ૮૫૨, ૧૯૭૮, ૬૭૨, ૧૯૫૨, ૧૧૪૧, ૯૩, ૧૧૭૫, ૧૭૭૨, ૫૭, ૩૬૯, ૨૧૫, ૨૮૭, ૨૯૩, ૧૭૯૯, ૪૭૦, (૬૬ થી ૮૦ હેન્ડ બ્લેન્ડર) : ૭૦૮, ૧૩૮૧, ૧૨૨, ૮૬૯, ૧૬૮૦, ૪૭૮, ૧૯૭૬, ૧૩૧૫, ૯૦, ૧૯૮૯, ૮૬, ૧૧૨૬, ૮૦૦, ૧૩૮૦, ૧૨૨૦

**પાંચમી મિટિંગ તા.૧૪-૪-૧૨ રોજ રાખેલ છે.**

ભુલચુક ક્ષમ્ય છે - ઈનામ આઈટમો ઓફિસેથી મેળવી લેવી.

**સૌજન્ય : શ્રી ભલારાદાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ (પરિવાર)**

# શ્રધ્ધાંજલી



| જન્મ | | સ્વર્ગવાસ |
|---|---|---|
| તા. ૨૨-૧-૧૯૪૭ | | તા. ૦૫-૪-૨૦૧૨ |
| ગામ - તેરા | | ગામ - નેત્રા |

## શ્રી લહેરચંદ રાયચંદ ધારશી છેડા

**નજર સમક્ષ કાયમ રહ્યા, હવે છબી જોવાની રહી. ખુદ જ્યોતિ બની ગયા, અમારે તો જ્યોત જોવાની રહી.**
**જિંદગી તમે જીવ્યાને અમારે તો ઝરમર માણવાની રહી. આપ તો વસ્યા પ્રભુજીની પાસે...**
**અમારે તો શ્રધ્ધાંજલી આપવાની રહી. ઈશ્વર આપના આત્માને પરમ શાંતિ આપે એજ પ્રાજંલ પ્રાર્થના.**

| | |
|---|---|
| માતા-પિતા | : સ્વ. માતુશ્રી પ્રેમાબાઈ રાયચંદ છેડા |
| ધર્મપત્ની | : ગં.સ્વ. કસ્તુરીબેન લહેરચંદ છેડા |
| પુત્ર-પુત્રવધુ | : અ.સૌ. અર્ચના અમીત છેડા (મૌહિક, જીલ) |
| પુત્રી-જમાઈ | : અ.સૌ. જલપા પરેશ લોડાયા (મૈત્રી, સલોની),<br>અ.સૌ. દુલારી દિલીપ સાયલા (યુગ) |
| મોટા ભાઈ-ભાભી | : અ.સૌ. લીલાવંતી લક્ષ્મીચંદ લાલકા (ખુશી)<br>અ.સૌ. હર્ષાબેન રાજેન્દ્ર લાલકા (પ્રિયંકા, માહી, ભાવિકા) |
| ભાભી-ભાઈ | : અ.સૌ. પ્રભાબેન જયચંદ છેડા, અ.સૌ. રમીલા હિરાચંદ છેડા (કાજલ) |
| બહેનો-જમાઈ | : સ્વ. વિજયાબાઈ ચંદુલાલ ખોના (સ્વ. ખુશાલ)<br>સ્વ. વનિતાબેન રાજેન્દ્ર લોડાયા (જીગ્નેશ તથા જીનન)<br>સ્વ. પુષ્પાબેન વિરચંદ મોતા (હાર્દિક), અ.સૌ. લતા કિરીટ ફુરૂવા (જીનલ) |
| ભત્રીજા-વહુ | : અ.સૌ. મેઘા વિપુલ છેડા |
| ભત્રીજી | : દીપા લક્ષ્મીચંદ લાલકા, અ.સૌ. શિલ્પા મલય ગાંધી<br>અ.સૌ. ભક્તી ભાવેશ મોમાયા, અ.સૌ. અંકિતા યોગિન દંડ<br>અ.સૌ. જીનલ કુણાલ નાગડા, અ.સૌ. બિંદીયા ગુંજન લોડાયા |
| ભાણેજી | : અ.સૌ. પ્રિયા હિતેશ મોમાયા, અ.સૌ. કુંતલ પ્રતીક મુનવર |
| સાસુ-સસરા | : સ્વ. લક્ષ્મીબાઈ ખીમજી તેજપાર લોડાયા |
| સાલી-સાલ | : ગં.સ્વ. જયાબાઈ ભવાનજી લોડાયા, ગં.સ્વ. પ્રેમીલાબાઈ જયચંદ લોડાયા<br>અ.સૌ. જ્યોતિ મણીલાલ લોડાયા, શ્રી નરેન્દ્ર ખીમજી લોડાયા |
| સાલી | : ગં.સ્વ. મધુબેન જેઠાલાલ ખોના, અ.સૌ. જયશ્રીબેન જવેરચંદ ખોના |
| વેવાઈ | : ગં.સ્વ. જવેરીબેન પદમશી નાગડા, અ.સૌ. જયાબેન જવેરચંદ લોડાયા<br>ગં.સ્વ. જયાબેન સોમચંદ સાયલા. |

**શા ટોકરશી કુંવરજીની કું.- નેત્રા**




## મૈત્રીગ્રુપ-ઘાટકોપર

અમે છેલ્લાં ત્રણ વરસોથી કમનશીબે આવેલ ચિંતાથી ઝઝુમીએ છીએ. મૈત્રીગ્રુપ-ઘાટકોપર સંસ્થાએ અમારી માટે ખુબ મોટું કામ કર્યું છે. હું છેલ્લા દોઢ વર્ષથી મૈત્રીગ્રુપના સંપર્કમાં આવ્યા પછી મને અત્યાર સુધીમાં રૂા.૧ લાખની મેડીકલ મદદ મળેલ છે. આવી સંસ્થાઓ ગામેગામ ખુલે તો મારા જેવા કેટલાંકને મદદ કરી શકે મારી તો પ્રભુને પ્રાર્થના છે કે આ સંસ્થા ખુબ જ આગળ વધે. જેથી કેટલાંક દુઃખીયાના દુઃખ દૂર થઈ શકે. મોટી સંસ્થાઓ અને દાતાઓને વિનંતી છે કે આવી નાની સંસ્થાને આગળ વધારવા માટે પ્રોત્સાહન આપે. મૈત્રીગ્રુપ-ઘાટકોપર સંપર્કઃ ૯૩૨૩૬૪૫૭૦૭/૨૫૦૬૩૧૧૮

*વિક્રોલી : ૧૪-૪-૧૨* — *- દિવ્યા નિલેશ દૌલત*

## દિકરી – બાપના દિલનો ટુકડો

હંમેશા માં એક સ્ત્રી હોવા છતાંય દિકરાને વધારે પ્રેમ કરે છે અને બાપ હંમેશા દિકરીને પ્રેમ વધારે કરે છે. દિકરો અને દિકરી આમ તો મા-બાપના કલેજાનાં ટુકડા જ હોય છે. તેમને ઉની આંચ આવે તો જીવ અધ્ધર થઈ જાય. પણ તે દિકરો હોય કે દિકરી મોટા થતાં સોબતની અસરથી બડતા કે બદલાતા જોઈ મા-બાપનો કલેજો ફાટી જાય છે. તે પોતાને જ સવાલ પૂછતા હોય છે કે ક્યાં કમી રહી ગઈ અમારી ? મોટા કરવામાં કે આજે આ પરીણામ જોવા મળે છે! દિકરી સાસરે જાય છે તો બાપને ઘર ખાલી લાગે છે. માંને પોતાનું દિલ ખાલી લાગે છે. પરંતુ એક અજબનો અહેસાસ થાય છે અને નિરાંતની કળ વળે છે કે હાશ, દિકરી પોતાના ઘરે વળાવવાની ઘરપત થાય છે. નિરાંતનો શ્વાસ લેવાય છે.

## કેવું સારું !

ઘર આંગણમાં કેળા, નાડીયેર અને ફૂલોના ઝાડ હોય તો કેવું સારૂં?

ઘરના ઉંબરામાં નિત નવી રંગોળી પુરાતી હોય તો કેવું સારૂં ?

બારણે સાથીયા અન્ને કળશના ભરેલા મોતીઓના તોરણ હોય તો કેવું સારૂં ?

ઘરમાં એક નવકાર મહામંત્રની ફોટો ફ્રેમ હોય તો કેવું સારૂં ?

નવકાર બન્ને જીવનમંત્ર, તો કેવું સારૂં.

*- રેવંતીબેન આર. નાગડા (કોલકતા)*

## અગત્યની સુચનાઓ

- "પ્રકાશ-સમીક્ષા"નું મુલુન્ડ સંપર્ક કાર્યાલય બંધ કરેલ છે એટલે પ્ર.સ.માટે દરેક પત્રવ્યવહાર/કુરીયર અને રૂબરુ સંપર્ક શ્રી આર.આર. નાગડા, ૨૯/૪૧ ટેમરીંડ લેન, રાજા બહાદુર કંપાઉન્ડ, પુર્ણિમાં રેસ્ટોરન્ટ પાછળ, ફોર્ટ, મુંબઈ-૧ એ સરનામે માત્ર ૧ થી ૪ દરમ્યાન કરવા વિનંતી.
- પ્ર.સ.ના ચાલુ અંક માટે મેટર સ્વીકારવાનું દર મંગળવાર સાંજ ૪ સુધી.
- પ્ર.સ.નું વાર્ષિક લાવજમ રૂા.૫૦/- એપ્રીલથી શરૂ થયેલ છે.
- દરેક માનદ પ્રતિનિધિ પાસે વાર્ષિક લવાજમ ભરી લેવા વિનંતી છે.
- આપનું સરનામું બદલાય ત્યારે નવું સરનામું મોકલતાં જુનું સરનામું પણ રદ કરવા લખી જણાવવું.
- આપને આવતા અંકના છેલ્લા પાને સ્ટીકરના સરનામાંમાં કંઇ ફેરફાર હોય તો જણાવશો.
- જે પ્રતિનિધિઓને નવી રસીદબુક જોઈતી હોય તેમણે લખી જણાવવું.
- જાહેરાતનાં પેમેન્ટ પ્રથમ પાને છપાતાં જા.ખ. દર મુજબ ચેક દ્વારા અગાઉથી જ લખી મોકલવા.
- જેમના પેમેન્ટ બાકી હોય તેમણે તુરંત રકમ ચુકવવા વિનંતી છે. મુંબઈવાળા ચેકથી અને બહારગામવાળાએ એટ પાર બેંક ચેક મોકલવા વિનંતી.
- પ્ર.સ. માટેના સમાચાર, જીવનચક્ર, જ્ઞાતિ ઉપયોગી લેખ-કાવ્ય, ચર્ચાપત્ર, માહિતી, ફોટા અને જાહેરખબર વગેરે નિયમિતપણે દરેક સંસ્થાએ, કાર્યકરે, પ્રનિધિએ કે પરિવારે મોકલવા અપીલ છે.
- પાસ થયાના સમાચાર માટે વિદ્યાર્થીનું પુરું નામ, હાલનું ગામ, કોર્સ અને ટકાવારીની માહિતી સહ ફોટોગ્રાફ સાથે મોકલવા.
- સગપણ સેતુ વિભાગમાં નિયત માહિતી ભરી મોકલવાથી નિઃશુલ્ક છપાશે.

શુભેચ્છા સહ...
Laxmichand Dharshi
**MOTA SHIPPING AGENCY**
C.H.A.No.11-0404

|| શ્રી અનંતનાથાય નમઃ ||

## શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડસનું ટ્રસ્ટ

### પૂજારી જોઈએ છે.

આધેડ વયની દંપતિ માટે – આકર્ષક પગાર સાથે
શાંતિમય-સુખમય જીવન ગુજારવાની ઉમદા તક

**વાલગીરી (કર્ણાટક)** સ્થિત દેરાસરજી માટે
રહેવાની સુવિધા સહ
સજોડે જવાના ઈચ્છુકોમાં જો બહેનશ્રીને પણ કાર્ય કરવાની ભાવના હશે તો તે મુજબ પણ વ્યવસ્થા થઈ શકશે.

: સંપર્ક :

શ્રી અનંતનાથજી જૈન દેરાસરજી,
૩૦૨-૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, ખારેક બજાર, મુંબઈ-૯.
ફોન : ૦૨૨-૨૩૪૪ ૧૯૨૯ / ૨૩૪૨ ૧૩૪૪
જગદીશભાઈ : ૦૯૩૨૧૭ ૨૪૦૨૧ (સવારે ૧૧ થી ૨)

નોંધ : આપશ્રીને ઉપરોક્ત જગ્યા માટે યોગ્ય વ્યક્તિ/દંપતિ ધ્યાનમાં હોય તો જાણ કરવા વિનંતી.

---

|| શ્રી અનંતનાથાય નમઃ ||

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

પંચવર્ષીય કાર્યક્રમના સહયોગી દાતાઓના સહયોગથી
પર્યુષણ પર્વ બાદ પ.પૂ. ગચ્છાધિપતિના જન્મદિન પ્રસંગે

## ચૈત્યપરિપાટી - કચ્છની મોટી-નાની તથા નૂતન પંચતીર્થી

**પ્રસ્થાન** : શુક્રવાર, તા. ૨૮-૯-૧૨, સયાજી એક્સપ્રેસ દ્વારા
**આગમન** : સોમવાર, તા. ૧-૧૦-૧૨, મુંબઈ પરત (દિ. ૩)

**પ્રતિ વ્યક્તિ : રૂા. ૫૦૦ (નોનરીફંડેબલ)**

મહાજન કાર્યાલય ભરી આપના નામો નોંધાવવા વિનંતી.
નામો નોંધાવવાની છેલ્લી તારીખ : ૨૬-૫-૧૨
વધુ માહિતી માટે : ધાર્મિક સમિતિ કન્વીનર
કુમાર બાબુભાઈ દંડ - ૯૩૨૨૬ ૮૦૦૦૮
મેમ્બર : મધુરીબેન મુલચંદ લોડાયા, ગુલાબ ડુંગરશી ધરમશી, પ્રફુલ્લ ચીમનલાલ મોતા, કમલેશ શીવજી શિયાલ, કીરીટ ઉમરશી છેડા
મહાજન કાર્યાલય : ૦૨૨-૨૩૪૪ ૮૨૭૪

---

|| શ્રી અનંતનાથાય નમઃ ||

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

KDO GRUHA UDHYOG

## માતુશ્રી કુંવરબાઈ નરશી નાથા ગૃહ ઉદ્યોગ ટ્રસ્ટ

સંચાલિત

## સમર વેકેશન – વિવિધ ક્લાસેસ

**તા. ૧૮-૫-૨૦૧૨ થી તા. ૨૬-૫-૨૦૧૨ (દિવસ ૮)**

દરમ્યાન આયોજેલ છે.

સ્થળ : શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ, (દેવપુંજ) મુલુંડ (વેસ્ટ)

**કોઈપણ પ્રકારના હુન્નર શીખડાવવા/શીખવા ઈચ્છુકોને હાર્દિક આમંત્રણ.**

વધુ વિગત આવતા અંકે

વધુ માહિતિ માટે સંપર્ક :

દીપ્તીબેન ધરમશી - 08108032109     કુસુમબેન મેપાણી - 09321414748

|| શ્રી અનંતનાથાય નમઃ ||

# ઘાટકોપર નગરે અનંતછાયા મધ્યે અનંતનાથ ગૃહ જિનાલયની વર્ષગાંઠ પ્રસંગે

KDO
દસાઓની નવી દિશા

## ત્રિહાનિકા મહોત્સવ

**સંવત ૨૦૬૮ વૈશાખ સુદ ૧૦, ૧૧ અને ૧૨, શુક્રવાર, શનિવાર, રવિવાર, તા. ૧-૨-૩ મે**

''શુભ દિને આવ્યો ને પ્રભુ પધાર્યા, ભાગ્ય ખુલ્યા ને હર્ષ સૌના વધાર્યા
અનંતનાથ દાદાએ કારજ સઘળા સુધાર્યા, જી.વી.સી. સંઘે અનંતછાયામાં સૌને તૈયાર કર્યા.''
આજે આપને આમંત્રણ આપતા હૈયા હિલોળે ચડ્યા છે....મન પ્રફૂલ્લિત બન્યા છે....
કારણ દેવાધિદેવ શ્રી અનંતનાથ દાદાની પધરામણીની તિથિ આવી.

શ્રી ક.દ.ઓ. જી.વી.સી. સંઘના ભાગ્યોદયે સંઘમાં પ્રભુનું આગમન થયું અને સર્વ દુઃખોનું શમન થયું.
અનંતનાથ દાદાની છાયા મનોહર, ગુરૂ ભગવંતોની નિશ્રા તારણહાર...
દરરોજ જે પ્રભુની આરાધના કરીએ છીએ એ પ્રભુ વૈશાખ સુદ-૧૨ ના પધારીને સૌના મન મોહી લીધા
તો એ દિવસની ઉજમણી કરવા ત્રિદિવસીય અનુષ્ઠાનમાં આપ સૌને અનંત આનંદ સાભર આમંત્રણ.

શ્રી અચલગચ્છાધિપતિશ્રીજી તપસ્વીરત્ન સળંગ ૪૪-૪૪ વર્ષીતપના આરાધક,
ભદ્રેશ્વર તીર્થોદ્ધારક પ.પૂ.આ.ભ. **ગુણોદયસાગરસુરીશ્વરજી** મ.સા. ના આશિષ તથા
યુવાઆચાર્ય સાહિત્ય દિવાકર પ.પૂ.આ.ભ. **કલાપ્રભસાગરસૂરીશ્વરજી** મ.સા. મળ્યા ભરપુર
તો ચાલો વહેલા પધારો.....
ગચ્છાધિપતિશ્રી ના આજ્ઞાવર્તીની શાંતમુર્તિ પ.પૂ. **ચારૂલતાશ્રીજી** મ.સા. વિશાળ પરિવાર સાથે આપશે નિશ્રા...
પાવનકારી ભક્તિ સભર હૈયે પધારો...હાજરી આપશો મંગલકારી તો આ કાર્યક્રમ ઉજવીશું અતિ આનંદકારી.

## કાર્યક્રમ

**વૈશાખ સુદ ૧૦, મંગળવાર, તા. ૦૧/૦૫/૧૨**

| | | |
|---|---|---|
| સવારે ૯.૦૦ કલાકે | : | આશાતના નિવારણ શ્રી ૧૮ અભિષેક મહાપુજન |
| રાત્રે ૮.૦૦ કલાકે | : | મહાકાલી માતાજીની ભાવના |

**વૈશાખ સુદ ૧૧, બુધવાર, તા. ૦૨/૦૫/૧૨**

| | | |
|---|---|---|
| સવારે ૯.૦૦ કલાકે | : | શાસન સ્થાપના દિને શ્રી મહાવીર સ્વામિ વંદનાવલી |
| સાંજે ૭.૦૦ કલાકે | : | 'પ્રભુ મિલન' |

**વૈશાખ સુદ ૧૨, ગુરૂવાર, તા. ૦૩/૦૫/૧૨**

| | | |
|---|---|---|
| સવારે ૯.૦૦ કલાકે | : | જગતજનેતા માતા સુયશાનો થાળ. (વિવિધ થાળ દ્વારા પ્રભુને જમાડીશું અને કર્મો ખપાવીશું) |
| સાંજે ૭.૦૦ કલાકે | : | પ્રભુજી ની સંગીતમય ભાવના. |

*જો જોવો હોય દેવાધિદેવનો ચમત્કાર,*
*તો એકવાર પધારો તો થશે સાક્ષાત્કાર....*

**લી. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - મુંબઈ / શ્રી અનંતનાથ ટ્રસ્ટ /**
**શ્રી ક.દ.ઓ. જી.વી.સી. જૈન સંઘ**

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### વરસીતપ સમુહ પારણા મહોત્સવ

મુંબઈમાં અખિલ ભારત અચલગચ્છ શ્વે. જૈન સંઘનાં ઉપક્રમે પારણા તા.૨૪-૪-૧૨નાં સવારે ઘાટકોપરમાં સોમૈયા ગ્રાઉન્ડ નં.૨-૩ પર છે. આ પ્રસંગે ચતુર્વિધ સંઘનું સૌભાગ્ય જામશે. અનેક શ્રમણ-શ્રમણીઓ અને શ્રાવક-શ્રાવિકાઓ વરસીતપનાં ઈક્ષુરસથી પારણાં કરશે. ૨૭૦થી વધુ ભાવિકો આ પારણાં સમારોહમાં ભાગ લેશે. તપસ્વીઓની અનુમોદનાર્થે પધારવા આમંત્રણ છે.

### શ્રી અનંતનાથ ભક્તિ મહોત્સવ

શ્રી અનંતનાથદાદાના જન્મ-દીક્ષા-કેવલજ્ઞાન કલ્યાણકોની ઉજવણી નિમિત્તે તા.૧૯-૪-૧૨નાં સવારે વાગે અનંતનાથ જિનાલયે પૂ. યતિશ્રીની નિશ્રામાં હાલરડું-સ્તવના કાર્યક્રમ શ્રી વિશાલ ઘરમશી કરાવેલ. બપોરે શ્રી રાયચંદ હંસરાજ ઘરમશી પરિવાર તરફથી સંઘ સ્વામીવાત્સલ્ય હતું.

ઘાટકોપર અનંતછાયા જિનાલયે તા.૧૯ અને ૨૦-૪-૧૨નાં બન્ને દિવસ ઉજવણીમાં વ્યાખ્યાન. બાળસંસ્કારણ શિબિર, બહેનો માટે સામાયિક અને જ્ઞાન-ગમ્મતની ધાર્મિક સ્પર્ધાઓ રહેશે. પૂ.સા.શ્રી ચારુલતાશ્રીજી અને રાજપ્રજ્ઞાશ્રીજી મ.સા.ની નિશ્રા રહેશે. સાંજે ભવ્ય આંગી, જિનાલય સજાવટ અને રંગોળી રચના વગેરે કરવામાં આવેલ.

### ભાંડુપમાં અનંતસિધ્ધિ જિનાલયે ભક્તિ મહોત્સવ

તા.૨૮-૪ થી ૨-૫ દરમ્યાન ભાંડુપમાં અનંતસિધ્ધિ સંકુલનાં આદિનાથ જિનાલયે જિનેન્દ્રભક્તિ મહોત્સવ ઉજવાશે. આ ત્ર્યાન્હિકા મહોત્સવમાં દરરોજ સવારે સ્નાત્ર મહોત્સવ, વ્યાખ્યાન, બપોરે મોટી પુજા, સમુહ સામાયિક, પ્રતિક્રમણ સાંજે આંગી, રાત્રે ભક્તિભાવના આદિ કાર્યક્રમો રહેશે.

### શ્રી ઘાટકોપર-વિદ્યાવિહાર-ચેમ્બુર જૈન સંઘ

જીવીસી જૈન સંઘ દ્વારા અનંતછાયામાં પૂ.સા.શ્રી ચારૂલતાશ્રીજી મ.સા.ના પ્રશિષ્યા પૂ.શ્રી રાજપ્રજ્ઞાશ્રીજી મ.સા. અને શ્રી ભવ્યપ્રજ્ઞાશ્રીજી મ.સા.ની નિશ્રામાં ચૈત્ર માસની શાશ્વતી આયંબીલની ઓળીની આરાધના રૂડી રીતે થઈ. સવારના સિધ્ધિદાયક શ્રી સિધ્ધચક્ર ભગવંતની આરાધના યંત્ર ઉપર વાપક્ષેપથી કરાવવામાં આવતી અને બપોરના પૂજ્યશ્રી શ્રીપાલ-મયણા રાસનું વાંચન કરતા હતા. ચૈત્ર સુદ તેરસના મહાવીર જન્મકલ્યાણક દિને સંઘ તરફથી લાડવા/ગાંઠીયાની પ્રભાવના થઈ. સાંજના પ્રભુમિલન સાથે સમુહ આરતી રાખવામાં આવેલ. જેમાં અનંત ભક્તિવૃંદે સંગીતસહ ભક્તિગીતોની રમઝટ જમાવી. સિધ્ધચક્ર રૂપી સદ્નિમિત્તે શેઠશ્રી મુલજી રાઘવજી લોડાયા પરિવાર (સાંઘવ-દાદર) હ.સૌ. જયશ્રીબેન કાંતિલાલ દંડ પરિવારે નવપદની સંપુર્ણ ઓળીનો લાભ લીધો.

### મુનવર ગોત્ર પરિવારની સમુહ પહેડી

જ્ઞાતિના મુનવર ગોત્ર પરિવારનાં દેવી અંબામાની ૧૭મી સમુહ પહેડી રવિ. તા.૧૫-૪-૧૨ના સાંજે મુલુન્ડમાં સુયોગ પદ્માવતી હોલમાં યોજાઈ હતી. આ પહેડીનો સંપુર્ણ લાભ શ્રી મેઘજી મુલજી મુનવર પરિવારના ત્રણે ભાઈઓના પરિવારજનો તરફથી લેવાયેલ. આ પ્રસંગે મુનવર પરિવાર તથા નિયાણી બહેનો, દીકરીઓ અને આમંત્રિતો મળી ૨૫૦થી વધુ ભાવિકો દર્શન અને પહેડી પ્રસાદનો લાભ લીધેલ. ભક્તિભાવનાની રમઝટ ટીના છેડા અને કલાકારોએ જમાવી. ગોત્ર પરિવાર વતી દાતા પરિવારના ત્રણે વરિષ્ઠોનું બહુમાન કરાયું.

આ ઉપરાંત પરિવારના વિશિષ્ટ ગૌરવના સન્માનમાં જખૌ મહાજનના પ્રમુખ ચુંટાવા બદલ શ્રી ભરત વેરશી જીવાણી, જખૌ ટ્રસ્ટના મે. ટ્રસ્ટી શ્રી કુલીન મૈશેરીનું,



**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**


Trust Regn. No. E–2071 – Kachchh • P. A. No. AABTA 7039 A

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia), Dist. Kachchh (Bhuj), Gujarat State, Pin Code - 370 645 • Tel. : (02831) (952831) 273256

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092. Tel. : 2893 6173 / 2890 4500

ગુજરાત સરકાર તરફથી સામાજીક, તબીબી સેવાની વિશિષ્ટ સેવા બદલ એવોર્ડ મેળવનાર શ્રી પ્રબોધ હીરાચંદ મુનવર (કોઠારા-ભુજ)નું આ ગૌરવ બદલ અભિનંદન પાઠવાયેલ.

આ ઉપરાંત જખૌ મહાજન/ટ્રસ્ટમાં ચુંટાયેલ પરિવારના સભ્યોને અભિનંદન અપાયેલ અને પરિવાર સભ્યોના ગૌરવની બાબતો જાહેર કરી અભિનંદન અપાયેલ.

કાર્યક્રમ સૂત્રસંચાલન ચંપક જીવાણીએ કરેલ. આભારદર્શન શ્રી મુલચંદ મુનવરે કરેલ. વ્યવસ્થા માટે શ્રી ભરત જીવાણી, મિથુન જીવાણી, સરોજ મુનવર અને દાતા પરિવારનાં સભ્યોએ જહેમત લીધેલ. કાર્યક્રમ બાદ પહેડી પ્રસાદ ભોજનનો સૌએ લાભ લીધેલ. દાતા પરિવાર તરફથી દરેક પરિવારને પ્રભાવના કરાયેલ.

## શ્રી અનંતનાથજી કોમ્પલેક્ષ-કાંજુરમાર્ગ

અત્રે ચૈત્રની આયંબીલની ઓળી કરાવવામાં આવી. ઓળીના લાભાર્થી દાતા માતુશ્રી નવલબેન બંકીમચંદ્ર લોડાયા હસ્તે તેમની સુપુત્રીએ કાશ્મીરા ધરમશી તથા કલ્પના છેડાએ લાભ લીધેલ કુલ ૩૨૦ જણાએ આયંબીલનો લાભ લીધેલ તેમાં ૨૮ જણા નવ આયંબીલવાળા હતા. ચૈત્ર માસની નવરાત્રી દરમ્યાન દરરોજ રાત્રે મહાકાળી માતાજીની ભાવના ભણાવવામાં આવેલ. આયંબીલ ઓળી તથા રાત્રે મહાકાળીની ભાવનાનું આયોજન અનંતનાથજી મહિલા મંડળના સાથ સહકારથી સફળ પૂર્ણ થયેલ. લાભાર્થી પરિવારે મંડળનો આભાર માનેલ.

## સાંયરામાં ધર્મ આરાધના

તા.૪-૪-૧૨નાં મહાવીર જન્મકલ્યાણક નિમિતે મા. કસ્તુરીબાઈ મેઘજી લોડાયા તરફથી મોટીપુજા ભણાવાઈ. પુજા બાદ મા. વાલબાઈ દામજી ધ્રોળ પરિવાર તરફથી અડધા કિ. સાકરની પ્રભાવના થઈ. તા.૫-૪-૧નાં સંઘ તરફથી મહાકાળીની ભાવના હતી. તા.૬-૪-૧૨નાં સવારે સિધ્ધાચલજીની ભાવયાત્રા થઈ. તા.૬-૪-૧૨ના મા. દમયંતી દામજી મોમાયા (જામનગર) તરફથી સ્વામીવાત્સલ્ય જમણ હતું. રૂા.૫નું સંઘપૂજન મા. વાલબાઈ દામજી ધ્રોળ તરફથી થયેલ. તા.૬-૪-૧૨ના ચિ. ડિમ્પલ લક્ષ્મીચંદ ગાલાનાં લગ્ન પ્રસંગે મોટીપુજા ભણાવાઈ. ચૈત્રી આયંબીલ ઓળી શ્રી ગૌતમ ખેતશી મોમાયા (જામનગર) તરફથી હતી.

## કચ્છી જૈન મહિલા મંડળ-કલકતા

તા.૨૫-૨-૧૨ના અમિતા હેમંતભાઈના નવા નિવાસસ્થાને જાપ રાખવામાં આવેલ. મંડળને સાધર્મિક ભક્તિ કરાવી મંડળને રૂા.૨૦૧ ભેટ આપેલ. તા.૫-૩-૧૨ના મેનાબેન પૂનમચંદ તરફથી દેરાસરમાં પૂજા ભણાવાયેલ. મંડળને રૂા.૨૫૧ ભેટ મળેલ. તા.૧૪-૩-૧૨ના તારાબેન કોરાણીના ઘરે જાપ રાખવામાં આવેલ. મંડળને સાધર્મિકભક્તિ કરાવી રૂા.૧૦ પ્રભાવના કરી અને મંડળને ૨૫૧ રૂા. ભેટ આપેલ.

તા.૧૬-૩-૧૨ કસ્તૂરીબેન દેઢીયા તરફથી, તા.૧૬-૩-૧૨ના મંજુલાબેન વીરા તરફથી જાપ અને સાધર્મિક ભક્તિ હતી. મંડળને ૧૫૧ રૂા. ભેટ મળેલ. તા.૧૮-૩-૧૨ના ભારતીબેન લાલકા સ્મિતાબેન શાહના સંગાથે સેથીયા તીર્થે દર્શન યાત્રાનું આયોજન કરેલ. કલકતાથી ૪ કલાકના અંતરે આ તીર્થ આવેલું છે ત્યાં આદેશ્વર દાદાનું દેરાસર છે. રહેવા તેમજ જમવાની સુંદર વ્યવસ્થા છે. ત્યાંથી ૨૦ મિનિટના અંતરે જોગીપાડા જ્યાં ચંડકોશીયાએ મહાવીરસ્વામીને ડંખ દીધેલ. તે સ્થળે મહાવીર સ્વામીના પગલા છે. બીજે દિવસે ગોલપુર જ્યાં સંભવનાથનું મંદિર છે તેમજ શાંતિનિકેતન જોવા ગયેલ સાજના ૫ વાગ્યાની ટ્રેને કલકતા આવવા રવાના થયા. તા.૨૩-૩-૧૨ના મીતાબેન લાલકાના ઘરે કોફી મીટ રાખવામાં આવેલ.

ગેમમાં મીનાબેન, રતનબેન, કેતનાબેનને અને બીજી ગેમમાં રતનબેન, કીર્તીબેન, રીટાબેનને ઇનામો મળેલ. અલ્પાહાર લઈ સૌ છુટા પડ્યા. તા.૨૮-૩-૧૨ના હેમલતા પદમશીભાઈના ઘરે જાપ અને સાધર્મિક ભક્તિ હતી. તેમણે રૂા.૧૦ની પ્રભાવના કરી. મંડળને રૂા.૫૦૧ ભેટ આપેલ. તા.૪-૪-૧૨ના અરવિંદભાઈ શાહ તરફથી મહાવીર પંચકલ્યાણક પૂજા, સંઘને સાધર્મિકભક્તિ કરાવી રૂા.૫નું સંઘપૂજન કરેલ મંડળને રૂા.૫૦૧ ભેટ આપેલ. અને તેમના તરફથી માનવજ્યોતને એમ્બ્યુલન્સ ભેટ આપી.


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

અરવિંદભાઈનું સંઘ વતી પદમશીભાઈ શાહ, મગનભાઈ શાહે ફૂલમાળા તેમજ શાલ ઓઢાડી બહુમાન કરેલ અને તેમના માતુશ્રી તથા સાસુજીનું ગુણવંતીબેન લુઢિયા અને ભારતીબેન લાલકાએ કરેલ.

## મહારાષ્ટ્ર એકમ મહિલા મંચ કારંજા/મુર્તિજાપુર

તા.૫-૪-૧૨ના મહાવીર જયંતી નિમિતે મંચ તરફથી ડેન્ટલ ચેક અપ કેમ્પ યોજાયેલ. કેમ્પમાં બે ડોક્ટરએ સેવા આપેલ. કેમ્પમાં જરૂરી દવાઓ અને ટુથપેસ્ટ નિ:શુલ્ક અપાયેલ. બન્ને ડોક્ટરોનું બહુમાન શ્રી લહેરચંદ ત્રીકમજી ગોસર અને શ્રી લક્ષ્મીચંદ કાનજી લોડાયા તરથી યાદગાર ભેટ આપીને કરાયું. સમાજબંધુઓએ સુંદર પ્રતિસાદ આપેલ. મંચના સર્વે સભ્યોનાં સાથ સહકારથી કેમ્પ સફળ રહ્યો.

મંચની બેઠક તા.૮-૪-૧૨ના સૌ. યોગીતા બીપીન ગોસરના ઘરે રાખેલ જેમાં "ફ્લાવર ડ્રેસ અપ" ની સ્પર્ધા રાખવામાં આવી. જેમાં બધાને ફ્લાવરની ડીઝાઈનવાળું પોષાક, આભૂષણ વગેરે પહેરીને આવવાનું હતું. આ સ્પર્ધામાં પ્રથમ વિજેતા સૌ. કોમલબેન દીલીપ લોડાયા અને દ્વિતીય સૌ. કેતકી દીપક ગોસર આવેલ.

એક મિનીની ગેમમાં એક ચાર્ટમાં બાર મહીનાના નામ લખાયા અને કોણ સૌથી વધુ મહીના ઉપર એના નંબર પ્રમાણે પત્તા મુકે છે. જેમાં પ્રથમ વિજેતા સૌ. વિદ્યા દેવાંગ લોડાયા દ્વિતીય સૌ. રુપા નંદીશ લોડાયા આવેલ. વિજેતાઓને ઇનામથી પ્રોત્સાહિત કરાયા.

## વારાપધ્ધરમાં ભલારાદાદાની પહેડી

વારાપધ્ધર ગામે શ્રી જવેરચંદ ટોકરશી લોડાયા (ડોંબિવલી) તરફથી ભલારાદાદાની પહેડી તા.૨૦-૨-૧૨નાં હતી અને ત્યારબાદ સ્વામીવાત્સલ્ય જમણ હતું. ગામવાસીઓ તથા ગાંધીધામથી ૧૫ જણાં પધારેલ સૌએ લાભ લીધેલ.

## વડાલામાં મહાવીર જન્મની ઉજવણી

મહાવીરસ્વામી દેરાસરજી-વડાલા તરફથી તા.૫-૪-૧૨ના શ્રી મહાવીર જન્મકલ્યાણક નિમિત્તે ચતુર્વિધ સંઘ સાથે પ્રભુજીને ચાંદીના રથમાં પધરાવીને વાજતે ગાજતે રથયાત્રા નીકળેલ. વડાલાના મુખ્ય માર્ગે શ્રીચંદ્રપ્રભુજી સ્વામી ગૃહજિનાલય તથા શ્રી સંભવનાથ જિનાલયના દર્શન કરી મહાવીરસ્વામી દેરાસરે પાછો ફરેલ. રથયાત્રા દરમ્યાન લાડુ-સેવની પ્રભાવના થયેલ. સ્વામીવત્સલ આયોજન થયેલ જેનું સંઘના ભાઈ-બહેનોએ લાભ લઈ છુટા પડ્યા.

## વડાલામાં ચૈત્રી ઓળી આરાધના

અત્રે સંભવનાથ જિનાલયે સાધ્વીમુખ્યા પૂ. રત્નરેખાશ્રીજી મ.સા.આ.ઠા.ની નિશ્રામાં તા.૨૯-૩થી તા.૬-૪-૧૨ દરમ્યાન ચૈત્રી આયંબીલની ઓળી આરાધના હતી. તા.૭-૪-૧૨ના તપસ્વીઓના પારમાં હતા. નિત્ય ૭૦-૮૦ જણાં ઓળીની આરાધનાનો લાભ લીધેલ. સવારના પૂ.સા. હર્ષાવલીશ્રીજી મ.સા., શ્રીપાલ રાજાના રાસની ગાથાઓ ગાઈને સંભળાવેલ જેનો પૂ.સા. મુખ્યાશ્રી રત્નરેખાશ્રીજી મ.સા.એ પોતાની લાક્ષણિક શૈલીમાં શ્રીપાલરાજા અને મયણાસુંદરીની વાર્તા રૂપે સવિસ્તારથી સંભળાવેલ. સૌ ધર્મ આરાધનામાં તરબોળ થઈ ગયેલ. રાસ બાદ પ્રભાવના કુલ્લે ૯ દિવસ દરમ્યાન રૂા.૭૯/- દરેકને મળેલ. પૂજ્યશ્રી મહાવીર જન્મકલ્યાણક ૪-૪-૧૨ના વિશેષ વિસ્તારથી વ્યાખ્યાન ફરમાવેલ તેમજ આયંબીલ આરાધના કરવા વિનંતી કરેલ. ૧૫ તપસ્વીઓએ ૯૯ પ્રતિક્રમણ કરેલ તેમનું દાતા શ્રીમતી રમીલા તારાચંદ કારાણી (ડુમરા) પરિવારે પ્રભાવના આપીને બહુમાન કરેલ. તા.૬-૪-૧૨ના શ્રી સિધ્ધાચલ મહાતીર્થની પૂજ્યશ્રીની નિશ્રામાં સમુહ ૧૦૮ ખમાસણા આપેલ. આરાધના બાદ રૂા.૧૫ની પ્રભાવના તથા લાડુ-ચેવડાના ભાતા આપવામાં આવેલ. ભાતાનો લાભ શ્રીમતી જસ્મીનબેન મહેન્દ્ર વિસરીયા પરિવારે લીધેલ. પ્રભાવના અન્ય વ્યક્તિગત થયેલ. સમસ્ત આયંબીલની ઓળી તેમજ તપસ્વીઓને પારણાં કરવાનો લાભ શ્રી ખુશાલ ખેતશી વિસરીયા (દેશલપુર) પરિવારે લીધેલ. પારણાના દિવસે તપસ્વીઓને રૂા.૫૦/- તથા ચાંદીની ગિનીની પ્રભાવના દાતા તરફથી થયેલ. તેમજ અન્ય વ્યક્તિગત રૂા.૨૦ની પ્રભાવના થયેલ. ઓળી દરમ્યાન તપસ્વીઓને રૂા.૪૦૧/-ની કુલ પ્રભાવના થયેલ.

## સુથરી તીર્થે આરાધના

સુથરી તીર્થે શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથદાદાની છત્ર છાયામાં ચૈત્રી પૂનમના પૂ.સા. મહાયશાશ્રીજી મ.સાની


શુભેચ્છા સહ....

**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.


**પાસ થયા – અભિનંદન**



**કુ. માનસી ચંદ્રકાંત ઘરમશી**

વડોદરા

B.Com. 64%

નિશ્રામાં સવારે ૮ કલાકે સિધ્ધાચલ ભાવયાત્રામાં ૧૦૮ ખમાસણા અપાયેલ. ૯ થી ૧૦ દરમ્યાન સંઘે વ્યાખ્યાવાણીનો લાભ લીધેલ. પ્રભુજીની રથયાત્રા માટે ઘૃત ઉછામણી બોલાવવામાં આવી જેમાં અનુક્રમે, માતુશ્રી રમીલાબાઈ પદમશી ઘરમશી પરિવાર, સ્વ.શા. વેલજી માણશી ઘરમશી પરિવાર તથા સૌ. ઉષાબેન કાંતિલાલ વિકમશી પરિવારે ઘૃત ૧૭૦૩ મણમાં લાભ લીધેલ. ત્યારબાદ સર્વે રથયાત્રામાં સૌ બહોળી સંખ્યામાં હાજર રહ્યા. બપોરે સાધર્મીકભક્તિ શ્રી આઈ માંને નમતા ઘરમશી નુખનાં પરિવાર તરફથી હતું.

### જ્ઞાતિયુવાનું ટ્રેન અકસ્માતે નિધન

તા.૧૮-૪-૧૨નાં સવારે મુંબઈની સેન્ટ્રલ રેલ્વે લાઈનનાં ટેકનીકલ ધાંધીયાનાં કારણે ટ્રેન વ્યવહાર ખોટવાતાં પ્રચંડ ગરદીના કારણે ડોંબીવલીથી મહામુશ્કેલીએ લોકલ ટ્રેન પકડતાં શ્રી શૈલેશ જવેરચંદ લોડાયા ઉ. ૩૫ (લાલા-ડોંબિવલી)નું કોપર-દીવા સ્ટેશન વચ્ચે ભાર ગરદી થકી અંદર ઘુસવા ન મળતાં અધ્ધર લટકતાં પડી જવાથી કમનશીબે અકસ્માતે નિધન થયું હતું. સદ્‌ગતને ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ. પરિવારજનોને આ આઘાતજનક ઘટનામાં વજ્રઘાત દુખ સહન કરવા શક્તિ મળો એજ આશ્વાસન. મુંબઈ મહાજન તરફથી સદ્‌ગતના પરિવારને સહાયતા અને આશ્વાસન અપાયેલ.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન સુથરી

સુથરી તીર્થે શ્રી મહાવીરસ્વામી જન્મ કલ્યાણકની ઉજવણી કરવામાં આવેલ.

પૂ. સા. શ્રી મહાયશાશ્રીજી મ.સા.ની નિશ્રામાં સવારે ૯ કલાકે વ્યાખ્યાનવાણીનો લાભ લીધેલ. ત્યારબાદ ૧૦ કલાકે પ્રભુજીની પાલખીયાત્રા માટે ઘૃત ઉછામણી બોલાવવામાં આવી જે અનુક્રમે શા. દામજી કલ્યાણજી લોડાયા પરિવાર, શા. નરશી નેણશી સોની પરિવારે તથા શા. ચંદ્રકાંત પદમશી ઘરમશી પરિવારોએ ઘૃતમણ ૩૦૧૩ માં લાભ લીધો. વિવિધ દાતાશ્રીઓ મળીને રૂ.૫૦નું સંઘપૂજન થયેલ. સૌ પાલખીયાત્રામાં જોડાયા. બપોરે સાધર્મીકભક્તિ સંઘજમણનો લાભ માતુશ્રી નવલબાઈ નરશી નેણશી સોની પરિવાર (સુથરી)એ લીધેલ.

### શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ

સમાજની સુવર્ણજયંતિ મહોત્સવની ઉજવણીના ભાગરૂપે ઉજવાનાર કાર્યક્રમોમાં તા.૧૪-૪-૧૨ના સુવર્ણ જયંતી મહોત્સવ પ્રારંભ, રાત્રે મનોરંજન કાર્યક્રમ. તા.૧૩-૫ અને તા.૧૪-૫-૧૨ના મુંબઈ ખાતે ભારતભરની કચ્છી જૈન સંસ્થાઓના પદાધિકારીશ્રીઓનું સંમેલન, તા.૨૧-૬-૧૨ના કચ્છી ડાયરો, તા.૨૨-૭ કચ્છી નાટક, તા.૧૫-૮-૧૨ના ધ્વજવંદન અને સરસ્વતી સન્માન કાર્યક્રમ, તા.૯-૯-૧૨ના ભારત જન વિજ્ઞાન જાથા આયોજિત "ચમત્કારોથી ચેતો", તા.૩૦-૯ના વાર્ષિક સ્નેહમિલન સમારંભ, ક્ષમાપના કાર્યક્રમ તથા સ્વામીવાત્સલ્ય જમણવાર. તા.૨૧-૧૦-૧૨ના નવરાત્રિ મહોત્સવ. તા.૨૯-૧૦-૧૨ના શરદોત્સવ મહોત્સવ શ્રી કચ્છી જૈન ભવનનાં પટ્ટાંગણમાં,. તા.૧૪-૧૧-૧૨ નૂતન વર્ષ મિલન સમારંભ. તા.૨-૧૨--૧૨ સમાજનાં બાળકો-યુવા વર્ગ દ્વારા મનોરંજન કાર્યક્રમ, તા.૧૮-૧-૧૩ થી ૨૦-૧-૨૦૧૩ના કચ્છી મેળો, તા.૧૭-૨-૧૩માં ગુજરાત સ્થિત કચ્છી જૈન યુવાઓનું સંમેલન. તા.૧૭-૩-૧૩ના ભુજ ખાતે કચ્છના વિકાસના પ્રશ્ને સેમિનાર. તા.૧૮-૩-૧૩ થી તા.૨૦-૩-૧૩ કચ્છ દર્શન યાત્રા. તા.૧૩-૪-૧૩ ના મુંબઈ જયંતી વર્ષ પુર્ણાહુતિ કાર્યક્રમનું આયોજન છે.

નિમ્નલિખિત ભાવિ કાર્યક્રમોનું આયોજન છે. અમદાવાદમાં અંદાજિત ૫૦૦ ચો.ફૂટના ૨૫૧ આવાસોની આવાસ યોજના, અમદાવાદ સ્થિત કચ્છીઓની બીઝનેસ ડીરેક્ટરી યલો પેજીસ, અમદાવાદ સ્થિત કચ્છી જૈનોનું વસ્તિપત્રક, શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદના સભ્યા માટે ક્રેડીટ સોસાયટી, લાયબ્રેરી જેમાં સભ્યોને વાંચન માટે વિનામુલ્યે બુક્સ પહોચાડવી અને પરત લાવવી વગેરે રહેશે.

### તેજસ હીરાલાલ લોડાયા

ચિ. તેજસ વય ૧૧ (વરાપધર-ખામગામ) ધો. ૫માં ભણે છે જેણે TATA AIG LIFE INSURANCE દ્વારા લેવામાં આવેલ Colour your life Drawing Contest માં ભાગ લઈ પ્રથમ ઈનામ અને મેડલ મેળવેલ તેને કંપની તરફથી રૂ.૧ લાખની વીમા પોલીસી તેમજ રૂ.૩,૦૦૦/- રૂ.ના પ્રીમીયમનું ગીફ્ટ વાઉચર મળેલ. Inter School Competition Eklavya-3 માં પણ એને પ્રમાણપત્ર મળેલ છે. S.S.D.V. સ્કુલમાં લેવાયેલ ક્રાફ્ટ સ્પર્ધામાં તૃતિય આવેલ છે. ડ્રોઈંગ અને ક્રાફ્ટમાં રસ સાથે રાષ્ટ્રભાષા "પરિચય" પરીક્ષામાં દ્વિતીય ક્રમાંકે ઉત્તીર્ણ થયેલ. ચિ. તેજસને આવી તેજસ્વી કારકિર્દી બદલ હાર્દિક અભિનંદન અને ભાવિ પ્રગતિની શુભેચ્છાઓ.



## મહારાષ્ટ્ર એકમ મહિલામંચ-ખામગામ-શેગાંવ

મહિલામંચની વાર્ષિકસભા તા.૮-૪-૧૨ના શ્રી દેવજી ખીમજી મંગલ કાર્યાલયમાં મળેલ. સેક્રેટરી સૌ. તૃપ્તીબેન લોડાયાએ પ્રવૃતિઓનો વાર્ષિક અહેવાલ રજુ કરેલ. કોષાધ્યક્ષ સૌ. રશ્મીબેન દંડેએ વાર્ષિક હિસાબો રજુ કરેલ. અધ્યક્ષ શ્રીમતી ગીતીકાબેન વીકમશીએ સૌના સાથ સહકાર બદલ આભાર માનેલ. નવી કાર્યકારીણીની નિમણુંક થઈ જેમાં અધ્યક્ષ સૌ. વર્ષાબેન નીરિન લોડાયા, ઉપાધ્યક્ષ સૌ. કુંજનબેન ચેતન લોડાયા, સેક્રેટરી શ્રીમતી પ્રવીણાબેન ચિતરંજન દંડ, કૌષાધ્યક્ષ સૌ. રશ્મીબેન પ્રફુલ્લ દંડ, સલાહકારો શ્રીમતી હીરાબેન ગોવિંદજી લોડાયા, શ્રીમતી લક્ષ્મીબેન મૈશેરી (શેગાંવ), સૌ. સ્મીતાબેન અનિલ વીકમશી અને કુ. જયાબેન નાગડાને નીમવામાં આવેલ. અધ્યક્ષ સૌ. વર્ષાબેન લોડાયાએ ઉનાળાનાં ઠંડા પીણાની ટીપ્સ આપેલ તેમજ "ગ્રીન ગ્રેપ્સ મારવેલ" પીણાનું ડેમોન્સ્ટ્રેશન આપીને શરૂઆત કરેલ. આભાર પ્રદર્શન સેક્રેટરી શ્રીમતી પ્રવીણાબેન દંડે કરેલ.

## kdohubli.com વેબસાઇટનું સફળ પ્રથમ વર્ષ

હુબલીવાસી જ્ઞાતિજનો માટે ઉપયોગી વેબસાઇટ શરૂ કર્યાને તા.૧૬-૪ના એક વર્ષ પુર્ણ થયું છે. જ્ઞાતિ સમાજસેવા માટેના અદ્યતન તંત્રજ્ઞાનના માધ્યમે ઝડપી અને અસરકારક સફળ માધ્યમ પુરું પાડવા બદલ જ્ઞાતિજનોએ હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી છે. સમાજસેવાર્થે આ સુવિધા પુરી પાડવાનું યોગદાન આપનાર યુવા બિજોય અને બિનોય મોમાયા અને મિત્રોએ જહેમત લીધી છે.

## ભાંડુપમાં જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ

શ્રી દામજી નેણશી વાડી, સ્ટેશન રોડના સુવિધીનાથ જિનાલયે આદીશ્વરજી મુનીસુવ્રતસ્વામી આદી દેવ-દેવીઓની પ્રાણ પ્રતિષ્ઠા પંચાન્હિકા મહોત્સવ ભારે ઉલ્લાસે આરાધાયો જિનાલયે શ્રી કોકીલાબેન કિશોર મોતા પરિવારે પદ્માવતીદેવીની પ્રતિષ્ઠાનો લાભ અને માતુશ્રી રતનબેન કાંતિલાલ મોતા પરિવારે પદ્માવતીદેવી મહાપૂજન ભણાવેલ. શ્રી લહેરચંદ વેલજી મૈશેરીનું પાઠશાળાના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમના સંચાલન સાથે જૈન જગતને ગુરૂજી અમારો અંતર્નાદ અમને આપો આશિર્વાદ સૂત્રની યાદગાર રચનાએ ભાંડૂપનું ગૌરવ વધાર્યું છે તેથી સંઘના આગેવાન શ્રી વક્તાવરમલજી આદિ મહાનુભાવોએ અનુમોદના કરી ઉચિત બહુમાન કર્યું. સ્ટેજ કાર્યક્રમમાં ધારિણી પ્રતાપ મોતાએ આગવી વાક્છટાએ સૌને મંત્રમુગ્ધ કર્યા. નિત્ય ત્રણેય સમયે સ્વામિભક્તિ, ભક્તિ ભાવના અને મહા આરતીના લાભ લેવાયા. આ પ્રસંગે ઘણાં જૈન-જૈનેતરોએ પધારીને મહોત્સવનો લાભ લીધો.

સૌ. સોનલ મનીષ મોતાએ પદ્માવતી દેવીને નયનરમ્ય અલંકારોએ સજાવી દર્શનીય ગહુંલી સજાવતાં સૌની અનુમોદના પામ્યા હતા. પૂ.સા. શ્રી ગુણમાલાશ્રીજી મ.સા.પૂ.સા.શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.આ.ઠા.ની નિશ્રામાં પૂ.સા.શ્રી ધૈર્યપ્રભાશ્રીજી મ.સા.ની ત્રીજી પુણ્યતીથીએ અને પૂ.સા.શ્રી ચારુપ્રજ્ઞાશ્રીજી મ.સા.ના ચતુર્થ વરસી તપ નિમિતે ભક્તામર લઘુપૂજન ભણાવવાનો લાભ નિવાણ નયન લોડાયા પરિવારે લીધેલ.

ઉપરોક્ત સુકૃતે માતુશ્રી શોભનાબેન ગોવિંદજી મોમાયાએ દાદાની સુંદર આંગી રચાવી.

રતનબેન તિલક મૈશેરી, કુ. હર્ષા કાનજી દંડ, ઉર્મીલાબેન જીતેન્દ્ર લોડાયા, હિરાબેન મેઘજી સોની, મીના મણીલાલ ખોના અને હંસાબેન દેવજી છેડાના વરસીતપની પૂર્ણાહૂતીએ ધાર્મિક પૂજા પાઠ અનુષ્ઠાને શાતાપૂર્વક પારણાં થયા.

ફાઈવ સ્ટાર્સ કેટરીંગના યુવાનોએ તાજેતરમાં પગરણ કરીને ઉત્તરોતર શ્રેષ્ઠ કેટરીંગ કામો મેળવી પ્રગતિ કરી છે.

## શ્રી ભલારા દેવસ્થાન-લાલપર

લાલપરમાં શ્રી ભલારાદાદાના સ્થાને ધ્વજા , દેવી-દેવતાઓની પ્રતિષ્ઠાનો ત્ર્યાન્હિકા મહોત્સવ તા.૪-૫-૬ એપ્રિલ ૧૨ના પૂ.યતિશ્રી મોતીસાગરજીની નિશ્રામાં ધામધુમથી ઉજવાયેલ. દેશ-દેશાવર-તેમજ મુંબઈથી સારી સંખ્યામાં દાદાના ભાવિકો પધારેલ. મુંબઈમાં ૨૪મી સમુહ પહેડીના તા.૨૩-૩-૧૨ના સર્વે ઉછામણીઓનો આદેશ આપવામાં આવેલ જેનો લાભ જે ભાગ્યશાળી પરિવારોએ લીધેલ તેઓ પૂજન, વિધિ, ચંડીપાઠ, હોમ હવન, આરતી, પાઠ માટે પધારેલ. સ્થાનમાં વીરોજી, પાતોજી, સચ્ચાઈમાતા, ગણેશજી તેમજ નવગ્રહ મંદિર અને દાદાની આજુ-બાજુમાં બે સુંદર ઘોડાની પ્રતિમાની વિધિવત સ્થાપના મહાવીર જયંતિના દિવસે ઠાઠમાઠથી ટ્રેક્ટરો, કાર વગેરેમાં નૂતન મૂર્તિઓ લઈને ગામમાં શોભા યાત્રા નીકળેલ. મહાવીર જયંતિનો વરઘોડો પણ હતો. દરરોજ સંધ્યાએ દીવડાઓની મહાઆરતી માટે ઉછામણી અને લાભ લેનાર ભાગ્યશાળીને વાજતે ગાજતે લઈ આવીને મહાઆરતી, રાતે ભક્તિ ભાવના તેમજ બપોરના વિવિધ કાર્યક્રમો વગેરે થયા. દરરોજ બપોરના ઠંડા શરબત અને દરરોજ નિતનવા ભોજનીયા નવકારશી અને રાતે પાઠ કરવામાં આવેલ. મંદરને લાઈટોના તોરણ અને નેટ તેમજ અલગ-અલગ

વસ્તુઓથી શણગારાયેલ. ધજા ચડ્યા બાદ સર્વેને પ્રસાદી પેકેટ આપેલ. ત્રણે દિવસ શ્રી ભલારા દાદા યુવક મંડળના હોંશીલા કાર્યકર્તાઓએ સુંદર મજાની વ્યવસ્થા સંભાળેલ.

આવતી પુનમ રવિ. તા.૬-૫-૧૨ના છે. સર્વે ભાવિકોને લાલપુર આવવા નિમંત્રણ છે તે માટે સંપર્ક શ્રી. પંકજ ખોના-૦૯૩૨૩૮૬૬૩૩૪

## સ્નાત્ર મંડળ-ગદગ દ્વારા યાત્રા પ્રવાસ

છ'ગાઉ યાત્રા નિમિતે ગદગ મહાજનના ઉપક્રમે શ્રી સ્નાત્ર મંડળ તથા શ્રી પુણ્ય ગુણ સમૂહ સામાયિક મંડળ દ્વારા ચાર ગામની યાત્રાનું આયોજન કરવામાં આવ્યું. તા.૫-૩-૧૨નાં સવારે અત્રે શ્રી પાર્શ્વનાથ ભગવાનને પક્ષાલ તથા ચૈત્યવંદન કરી કોપલ તરફ બસથી પ્રયાણ કર્યું. કોપલમાં શ્રી મુનિસુવ્રતસ્વામીનાં દર્શન-પૂજા કરી શ્રીમતી તરલાબેન રમેશ નાગડાના નિવાસસ્થાને નવકારશી કરી. સાધર્મિકભક્તિના લાભાર્થી શ્રીમતી તરલાબેન રમેશ નાગડાનું બંને મંડળો તરફથી સન્માન કરવામાં આવ્યું. ત્યાંથી રવાના થઈ હોસ્પેટ પહોંચી ત્યાં ત્રણ દેરાસરના દર્શન કરી, ગુરૂવંદનાનો લાભ લીધો. ત્યાંથી હંપી (વિજય નગર) તરફ રવાના થયાં. હમ્પીમાં શ્રીમદ રાજચંદ્ર આશ્રમમાં બપોરની આરતીનો લાભ મળ્યો. ત્યાં ચંદ્રપ્રભુસ્વામીનાં દર્શન-ચૈત્યવંદન અને ધૂન કર્યા. બપોરે જમ્યા અને ચા-પાણી પછી સાંજની ભક્તિ કરી. હંપીમાં બન્ને વખતની સાધર્મિકભક્તિ શ્રી વિપુલ રતિલાલ ભગત તરફથી હતી. ચૌવિહાર કરી કમ્પ્લી તરફ પ્રયાણ કર્યું. કંપલીમાં રાત્રે દેરાસરમાં ભક્તિ ભાવના કરી. ત્યાં મુનિસુવ્રત સ્વામી છે. ત્યાંથી ગંગાવતી જઈ મનોવાંછિત પાર્શ્વનાથના દર્શન કરી રાત્રે ૧૧ વાગે પાછા ગદગ પહોંચ્યા. આ યાત્રા દરમિયાન વાહનની વ્યવસ્થા શ્રીમતી ઉષાબેન હરીશ મુનવર તરફથી કરાઈ હતી. બને મંડળોએ લાભાર્થી પરિવારનો આભાર માન્યો. બધાને આ યાત્રામાં ખૂબ આનંદ થયો.

## ભુજ જેલમાં મહાવીરજયંતિની ઉજવણી

માનવજ્યોત-ભુજ દ્વારા મહાવીરજયંતિ નિમિતે દાતાશ્રી પારસ વી. મહેતાના સહયોગથી પાલારા જેલનાં કેદીઓને મિષ્ટાન-ફરસાણ વિતરણ કરાયેલ.

પ્રારંભે જેલર શ્રી એમ.એન. જાડેજાએ સ્વાગત પ્રવચન કરેલ. શ્રી પ્રબોધ મુનવરે કેદીઓને મહાવીર જીવનની સમજ આપતાં ગુન્હામુક્ત બનવા માર્ગદર્શન કરેલ. કેદીઓએ મહાવીર જયંતિ ઉજવી હતી. શ્રી રફીક બાવા તથા નિર્મલ નાગડાએ વ્યવસ્થા સંભાળી હતી.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ વસતીપત્રક સમિતિ

વસતીપત્રક સમિતિની બેઠક રવિ. તા.૮-૪-૧૨નાં બપોરે ૩ વાગે મુલુન્ડમાં નિર્મલ લાઈફ સ્ટાઈલના બોર્ડરૂમમાં મળેલ. સભાનાં પ્રમુખસ્થાને શ્રી નયન અશોક ભેદા હતા. આ બેઠકમાં જ્ઞાતિના પાંચે એકમ, મુંબઈ મહાજનનાં પ્રતિનિધિઓ અને સમિતિનાં સભ્યો તથા કાર્યકરો પધારેલ.

વસતીપત્રક સમિતિનો પ્રવૃતિ અહેવાલ શ્રી વિનોદ ધુલ્લાએ અને હિસાબો શ્રી નિરંજન મોમાયાએ રજુ કરાયા. આઠમાં વસતીપત્રક અંગે બજેટની વિગતો રજુ કરાઈ. શ્રી કિરીટ મુનવરે વસતીપત્રકના કોમ્પ્યુટરકરણ અંગે વિગતો સમજાવી. સેક્રેટરી શ્રી વિનોદ ધુલ્લાએ આગામી વસતીપત્રકના ચાર ભાગ અંગેની તૈયારી અંગે માહિતી આપી અને સમયબધ્ધ કાર્યક્રમ જણાવેલ. શ્રી રમેશ મોતાએ વસતીપત્રક માટે હાલમાં થતા સરનામા બદલ અંગે ચાલી રહેલ કાર્યની વિગતો આપી હતી.

સમિતિનાં આમંત્રણથી પધારેલ વાગડના યુવા કાર્યકર શ્રી અમીત છેડાએ વાગડ સમાજનાં પચાસેક હજારથી વધુ જનસંખ્યાને સાંકળી લેતો ફોટો સાથેનો વસતીપત્રક કોમ્પ્યુટર કાર્યક્રમ બનાવેલ જેનું પ્રત્યક્ષીકરણ દર્શાવેલ અને ક.દ.ઓ. જ્ઞાતિની વસતીપત્રક પ્રવૃતિ અને હાલની કોમ્પ્યુટરાઈઝડ માહિતીની પ્રશંસા કરેલ અને જણાવેલ કે આપના માટે online વસતીપત્રક વેબસાઈટ ખુબ સરળ, સહજ અને ઝડપી બની શકે એમ છે.

ત્યારબાદ અત્યાર સુધીનાં ૭ વસતીપત્રકોમાં ન આવરી લેવાયેલ જ્ઞાતિજનોની માહિતી ક્યાંથી મળે કે કોઈ અરજી કરે તો તેની સમિતિ દ્વારા ચકાસણી કરી આગળ કાર્યવાહી કરવા વિચારણા થઈ.

મુંબઈ મહાજનના જ્ઞાતિ વસતીપત્રક માટે સૌજન્ય યોગદાનમાં ઓનલાઈન વેબસાઈટ વેલકમ પેજ અને વસતીપત્રકનાં મુખપૃષ્ઠનું સૌજન્ય સ્વીકારાયું. મુંબઈ મહાજનનાં મુંબઈ કાર્યાલયે વસતીપત્રકનું વહીવટી કાર્યાલય રહેશે તે વ્યવસ્થા કરવાનું નક્કી થયું.

## મુનવર પરિવારનું ગૌરવ

અમારા મુનવર પરિવારનાં યુવા કાર્યકર **શ્રી પ્રબોધભાઈ મુનવર**ની બહુવિધ સેવાકીય પ્રવૃતિઓની કદરરૂપે ગુજરાત સરકારે તેમને પ્રતિષ્ઠિત એવોર્ડ, સુવર્ણપદક, પુરસ્કાર અને પ્રશસ્તિપત્ર એનાયત કરી જાહેર અભિવાદન કરેલ છે એ ગૌરવવંતા માન બદલ અમે સૌ મુનવર ભાવિકો તેમની અનુમોદના કરી અભિનંદન અને શુભેચ્છાઓ આપીએ છીએ.

**-: અનુમોદના :-**

**સમસ્ત મુનવર ગોત્ર પરિવાર**

## નવા/બદલાયેલા ફોન નંબર (પુરું નામ-હાલનું ગામ સાથે ફોન નંબર આપવું)

ધૃતકલ્લોલ પાર્શ્વનાથ દેરાસર, સુથરી૦૯૭૧૨૯૮૯૨૨૩ કસ્તુરીબેન સોમચંદ છેદા-અમદાવાદ૦૯૪૨૮૭૩૨૩૯૩

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતી અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો.)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૮-૩-૧૨ | મુલુંડ | BYPL | વંશ-તેજસ ધનરાજ પોલડીયા | બાયઠ | પુત્ર |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૫-૪-૧૨ | ડોંબિવલી | KBLO041201 | નિકુંજ પ્રફુલ રતીલાલ લોડાયા | મોટીખાવડી | ૨૬ |
| | ડોંબિવલી | A | રૂપાલી મોહનભાઈ ભગવાન પટેલ | વલસાડ | ૨૨ |

### લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૫-૪-૧૨ | મુલુન્ડ | SUDH032404 | દીપ રમેશ લાલજી ધરમશી | સુથરી | ૨૯ |
| | | VRDA050803 | ધ્વની હીરાલાલ હંસરાજ ડાઘા | વરાડીયા | ૨૭ |
| ૨૮-૧-૧૨ | કાંજુરમાર્ગ | SUDH080903 | ઉજાસ પ્રફુલ મુલજી ધરમશી | સુથરી | ૨૬ |
| | મસ્જીદબંદર | VRDA120203 | તન્વી ગજેશ લીલાધર ડાઘા | વરાડીયા | ૨૩ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| -૪-૧૨ | ઘાટકોપર | A | રાજીવ પ્રવિણચંદ્ર દેઢીયા | બીદડા | ૪૨ |
| | ઘાટકોપર | TRLO1200703 | ઉષા કેશવજી દેવજી લોડાયા | તેરા | ૪૨ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૭-૪-૧૨ | મુલુંડ | SUDH100101 | આણંદજી કુરપાર નરશી ધરમશી | સુથરી | ૮૭ |
| ૧૮-૪-૧૨ | ડોંબિવલી | LLLO | શૈલેશ ઝવેરચંદ કેશવજી લોડાયા | લાલા | ૩૫ |
| ૧૮-૪-૧૨ | વાપી | JKMA | મણીબાઈ હેમરાજ રતનશી મહેશ્વરી | જખૌ | ૮૭ |

### અગત્યની સુચના

*પ્ર.સ.ના જીવનચક્ર વિભાગ માટે જન્મ, જ્ઞાતિય/આંતરજ્ઞાતિય સગપણ, લગ્ન, છુટાછેડા અને મરણનોંધ વગેરે આપના સ્થાનિક મહાજનમાં નોંધ કરાવી તેમના માધ્યમે માહિતી મોકલવા અનુરોધ છે. દરેક મહાજન આ પ્રકારે સર્વ માહિતી નોંધ માટે રજીસ્ટર જાળવે અને સત્તાવાર રીતે પ્ર.સ.ને છાપવા તથા વસતીપત્રક માટે મોકલે જેથી કાર્યમાં સરળતા રહેશે.*

*જે આપણી દિકરી આંતરજ્ઞાતિય સગપણ કરે છે તેની હવેથી મુંબઈ મહાજનના કાર્યાલયે નોંધ પણ લેવાય છે. આંતરજ્ઞાતિય સગપણ / લગ્ન કરતાં તેના જ્ઞાતિનાં સભ્ય તરીકેના હક્ક, લાભ અને સેવા સ્વયં જતા રહે છે પણ તેવી નોંધ જ્ઞાતિ રેકોર્ડ જાળવણી માટે કરવામાં આવે છે.*

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
દાદર
મુલુંડ
પાર્લા
9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in

॥ શ્રી ભોમિયાદાદાય નમઃ ॥
25 SILVER JUBILEE
તીર્થ યાત્રાઓ અને પર્યટન ક્ષેત્રે ૨૫ વર્ષથી તમારી સાથે...
હોટલ-વાહન-વિમાન ટીકીટોની બુકીંગ અને
ગ્રુપમાં ટેઇલરમેડ ટુરો માટે... તન-મન ટુર્સ

SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND
શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

## સાંયરાના મોમાઈ માતાની તા.૮-૪-૧૨ની દ્વિતીય સમુહ પહેડીની ઝલક














## સેવાકીય પ્રવૃત્તિઓની શ્રેષ્ઠ કામગીરીની ગુજરાત સરકારે કદર કરી. હાર્દિક અભિનંદન!





ગુજરાતરાજ્યના યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ દ્વારા આપને સાહસ, શૌર્ય, તબીબી, સેવા અને સુખાકારી ક્ષેત્રની શ્રેષ્ઠ કામગીરી બદલ એવોર્ડ એનાયત કરવામાં આવેલ છે. જે બદલ ખૂબ-ખૂબ અભિનંદન.

~ શુભેચ્છક ~

સૌ. સુશીલાબેન લલીતભાઈ શાહ (જામનગર)
સૌ. શાંતાબેન ભદ્રીકભાઈ મેશેરી (ભુજ)
સૌ. ચંદનબેન દિલીપભાઈ જૈન (માંડવી)
સૌ. ભારતીબેન અનિલભાઈ નાગડા (ગાંધીધામ)
સૌ. મનીષાબેન લહેરીભાઈ લાપસીયા (ગાંધીધામ)

## CONGRATULATIONS





**Mithil Dinesh Momaya**

(Naliya - Raipur)

Mithil has successfully completed Engineering in computer science with a GPA of 8.66/10 and MBA in Marketing & Operations from IMT-Ghaziabad securing 80%, He was recruited by USHA International Pvt. Ltd. As Deputy Manager through Campus placements.

-: શુભાશિષ :-

માતા-પિતા : ઉષા દિનેશ મોમાયા (રાયપુર)
મામી-મામા : ચેતના દિલીપ લાલકા (ઇંદોર)
ભાભી-ભાઈ : પરિતા મનિષ છેડા (મુંબઈ)
રક્ષિતા કપિલ મોમાયા (બેંગલોર)

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Regd. No.MH/MR/East/53/2012-14
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# વાત્સલ્યમુર્તી વડીલને પ્રથમ પુણ્યતિથીએ સ્નેહભરી સ્મરણાંજલિ



જન્મ
તા.૨૭-૭-૧૯૩૯

વસમી વિદાય
તા.૨૨-૪-૨૦૧૧

## સ્વ. શ્રી મણીકાન્ત ભવાનજી ધરમશી (જશાપર-ઐરોલી)

જ્યાં સુધી મારી નજર પહોંચે, છબી આપની દેખાય છે. અમુલ્ય સમય વિતાવ્યો સાથે, આંખ બંધ કરતા તે દેખાય છે. ક્યાંક અટવાઈ જાઉં જીવનમાં, તો આભાસ થાય છે. જીવનપંથમાં કાંટા છે ઘણાં, પણ તે કાંટામાં પણ હસતો ચહેરો દેખાય છે. કોઈક મંજિલ હાંસિલ કરવા નીકળું ત્યારે સાથે છો તેનો ભાસ થાય છે. આજે મને જીંદગી કેટલી અઘરી લાગે છે. પણ જીવવા માટે આપનો સાથ મહેસુસ થાય છે. તમે ચાલ્યા ગયા મને એકલી મુકીને, આ દુનિયાનાં કેટલા રંગ છે તે હવે સમજાય છે!

**સંવેદનાની શ્રધ્ધાંજલીએ... ધર્મપત્ની ગં.સ્વ. લીલાવંતી**

જશાપર ગામમાં ધર્મક્ષેત્રના સુભટ બની આદેશ્વર દાદા દરબારે ગુંજતો કરવા તન-મન અને પોતાની આગવી સુઝ બુઝથી આપે સહયોગ આપ્યો તેથી તાજેતરમાં મહોત્સવનો માંડવો રચાયો ત્યારે માણેકસ્તંભની ખોટ સાલી? સંકટોના કંટકો સહન કરી, શૂન્યમાંથી સર્જન કરી, ગાજ્યા વગર વરસી, કૂળ, કુટુંબ અને પરિવાર માટે આપ સુખડ થઈ ઘસાઈ ચંદન તિલક બન્યા એ શેં ભૂલાય? આદેશ્વર દાદાને પરિવારની વિનંતી કે આપને ચોર્યાસીના ચક્કરમાં ન ફેરવતા જ્યાં વસે છે એ ત્યાં ચરણે સ્થાન આપે એવી પ્રાર્થના...

**આપની હરહંમેશ યાદ કરતા સ્વજનો...**

માતુશ્રી સ્વ. જમકુબાઈ ભવાનજી પરિવાર, ગં.સ્વ. માતુશ્રી મુરબાઈ ટોકરશી પરિવાર...

| | | |
|---|---|---|
| સાસરા | : | સ્વ. જમકુબાઈ રતનશી ખજુરવાલા, સ્વ. વેજબાઈ હરશી મોમાયા, સ્વ. શામજી ખેતશી ગાલા પરિવાર, |
| પુત્ર-પુત્રવધુ | : | સૌ. ફાલ્ગુની પિયુષ, સૌ. ગીતલ લોકેશ |
| પુત્રી-જમાઈ | : | સૌ. કુસુમ દામજી, સૌ. નુતન મુકેશ, સૌ. મુન્ની (રચના) વિપુલ, |
| નાના ભાઈ-ભાભી | : | સૌ. વિજયાલક્ષ્મી સોમચંદ, સૌ. ઉષા મોતીચંદ |
| બહેનો | : | પ્રેમીલા, દમયંતી, મંજુલા, ચંદન, કલ્પના, સાધના, |
| પૌત્ર | : | કમલ, પરાગ, ક્રિસ • પૌત્રી : પ્રિશા • પૌત્રવધુ : સૌ. ટીના કમલ |
| દોહિત્ર | : | હિમાંશુ સિધ્ધાર્થ • દોહિત્રી : સૌ. આરતી, સૌ. નીપા, સૌ. અર્ચના, ચિ. ખુશી. |

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA**, C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078.
Editor : **Raichand R. Nagda**